RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 33* Date: 22.11.2022, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# આદિવાસીઓ હિન્દુસ્તાનના પહેલા અને અસલી માલિક છે: રાહુલ ગાંધી

## વિધાનસભાની ચૂંટણી જાહેર થયા બાદ રાહુલ ગાંધી પહેલીવાર ગુજરાત આવ્યા



અમદાવાદ,તા.૨૧

સુરત જિલ્લાના મહુવા તાલુકાના અનવલના પાંચ કાકડામાં રાહુલ ગાંધીની જંગી સભાનું આયોજન થયું છે.સભામાં રાહુલનું અડધે સુધી ભાષણ ભરતસિંહે અનુવાદ કર્યું હતું. જેના બાદ તેઓએ હિન્દીમાં સંબોધન કર્યુ હતું,

તેમણે કહ્યુ હતું કે, આ પ્રેમ અને લાગણીની એક યાત્રા છે. કોઈ કોઈનો ધર્મ, જાતિ પુરુશ-સ્ત્રીને બદલે આખો માનવ સમુદાય અમારી સાથે ચાલે છે. સવારે ૬ વાગ્યાથી શૂર કરીને રાત્રે ૮ વાગે છે, પણ થાક લાગતો નથી. અહી પણ મને ગાડીમાં બેસાડવાનો પ્રયાસ કર્યો તો હું ચાલતો નીકળી પડ્યો. યાત્રીઓના પગ છોલાયા, બે યાત્રી શહીદ થયા, પણ યાત્રા ન રોકાઈ. હુ કહી શક્તો ન હતો કે કેટલો પ્રેમ અમને જનતાએ આપ્યો. હું આજે ગુજરાત આવ્યો, અને આ રસ્તો મહત્મા ગાંધીજીએ ગુજરાતથી ભારતની દિશા આપી હતી. હિન્દુસ્તાનને જોડવાનું કામ મહાત્મા ગાંધીજીએ કર્યું, જેઓ ગુજરાતી હતા. આ યાત્રામાં પણ તમારા વિચારો, તમારો ઈતિહાસ છે. યાત્રામાં ખુશી પણ થાય, અને દુખી પણ થવાય છે. દુખ ખેડૂતો, આદિવાસી, યુવાઓને મળીને તેમની સાથે વાત કરીને થાય છે. ખેડૂતોને યોગ્ય ભાવ મળતા નથી, પાક વીમાના રૂપિયા મળતા નથી, દેવુ માફ થતુ નથી. યુવા બેરોજગાર છે. તેમના સપના તૂટી રહ્યાં છે. કોઈ એન્જિનિયર બનવા માંગે છે, માતાપિતાએ રૂપિયા નાંખ્યા પણ તે મજૂરીકામ કરે છે. ગઈકાલે સાંજે રામ નામનો એક યુવક અમારી યાત્રામાં આવ્યો, મને ગળે વળગીને રડવા લાગ્યો. મેં પૂછ્યુ કેમ રડે છે. કહ્યું કે, કોરોના મારો આખો પરિવાર મરી ગયો. હું એકલો છું. હોસ્પિટલમાં મેં તબીબો સામે હાથ જોડ્યા, પણ તેઓએ મારા માતાપિતાને ન બચાવ્યા. મારા હાથમાં મારી માતાએ જીવ ગુમાવ્યો. હુ બેરોજગાર છું, મને રસ્તો દેખાતો નથી. આ યુવા એકલો નથી, આવા લાખો યુવા હિન્દુસ્તાનમાં છે. આદિવાસીઓની જમીન છીનવાઈ રહી છે. અમને પૂછ્યા વગર હટાવીને કોઈ અરબપતિ ઈન્ડસ્ટ્રિયાલિસ્ટને અમારી જમીન આપવામાં આવે છે. કોઈ વળતર મળતુ નથી. અમારી જમીન અમારી માતાને ઉદ્યોગપતિઓને હવાલે આપી દેવામાં આવી છે. તેથી તમે અનંત પટેલ માટે તાળી વગાડી, કારણ કે તે તમારા હક માટે લડી રહ્યાં છે.

આદિવાસી સમાજ સાથે મારા પરિવારનો ઘનિષ્ઠ સંબંધ છે. હું નાનો હતો ત્યારે દાદી ઈન્દિરાજીએ મને એક પુસ્તક આપ્યુ હતું. મને આદિવાસીઓ વિશે માલૂમ ન હતું. પુસ્તક હિન્દુ એક આદિવાસી બાળક નામે હતું. દાદીએ મને સમજાવ્યું, આદિવાસીઓ હિન્દુસ્તાનના પહેલા અને અસલી માલિક છે. જો તારે હિન્દુસ્તાન સમજવુ હોય તો આદિવાસીઓને તેમના જીવનને તેમનો સંબંધ જળ-જમીન સાથે હોય છે તેને સમજો. આદિવાસી એટલે જેઓ સૌથી પહેલા અહી રહેતા હતા. આ દેશના પહેલા માલિક તમે છે. તમારી પાસેથી આ દેશ લેવાયો છે. બીજેપીના લોકો તમને આદિવાસી નહિ, પરંતુ વનવાસી કહે છે. તેઓ એમ કહે છે કે તમે જંગલમાં રહો છો.

મતલબ કે તેઓ એવુ નથી ઈચ્છતા કે તમે શહેરમાં રહો અને તમારા સંતાનો એન્જિનિયર-ડોક્ટર બને. તેઓ ઈચ્છે છે કે તમે જંગલમાં રહો. બીજેપી તમારી પાસેથી જંગલ છીનવવાનું કામ કરે છે. જો આ કામ ચાલુ રહ્યું, તો આગામી ૫-૧૦ વર્ષમાં આખું જંગલ તેમના બે-ત્રણ ઉદ્યોગપતિઓના હાથમાં જશે. પછી તમારી પાસે રહેવાની જગ્યા નહિ હોય.

આદિવાસી એટલે આ દેશ તમારો હતો, અને દેશમાં તમારે હક મળવો જોઈએ. તમારે સ્વાસ્થ્ય-શિક્ષણ મળવુ જોઈએ. વનવાસી એટલે જે તમારું છે, તે ઉદ્યોગપતિઓ આપી દેવાશે. તમે વનવાસી નહિ, પરંતુ આદિવાસી છો. આ દેશ તમારો છે, હતો અને રહેશે.

આ દેશમાં તમારા જમીનની રક્ષા થશે.તેમણે કહ્યું, હું નાનો હતો ત્યારે મારી દાદીએ મને એક ચોપડી આપી અને મને જણાવ્યું કે આદિવાસીઓ ભારત દેશના પહેલા અને અસલી માલિક છે. આદિવાસીઓ સાથે મારો અને મારા પરિવારોનો બહુજ જૂનો પારિવારિક સબંધ છે.

ભાજપ તમને આદિવાસી નહીં પણ વનવાસી કહીને તમારી ઓળખ ભુલાવી રહ્યા છે. ખેડૂતોનું દેવું માફ નથી થતું, યુવાનો બેરોજગાર છે.

રાહુલ ગાંધીએ કહ્યુ કે, હું ખેડૂતોને, આદિવાસીઓને, લોકોને પીડિતોને મળીને તેમની વાતો સાંભળીને દુખ થાય છે. ગઈકાલે મારી યાત્રામાં એક વ્યક્તિ આવ્યો અને રડવા લાગ્યો.

તો કહે છે કે, કોરોનામાં મારું આખું પરિવાર જતો રહ્યો. ડોક્ટરોએ મારા માતાપિતાને બચાવ્યા નહીં. મારી માતાએ મારા હાથમાં દમ તોડ્યો. આ જ નહીં આવા લાખો યુવાનો દેશમાં છે

## આજે આખા દેશમાં ૪૫ ઠેકાણે રોજગાર મેળો, મોદી યુવાનોને નોકરીના પત્ર સોંપશે

નવીદિલ્હી,તા.૨૧

પીએમ મોદી મંગળવાર, ૨૨ નવેમ્બર ૨૦૨૨ના રોજ યુવાનોને સરકારી નોકરીના નિમણૂક પત્રો આપશે. કેન્દ્ર સરકારના ભરતી અભિયાનનો આ બીજો તબક્કો છે, જેમાં દેશભરમાં ૪૫ સ્થળોએ કેન્દ્રીય મંત્રીની હાજરીમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નિમણૂક પત્રો આપવામાં આવશે.

રોજગાર મેળાના બીજા તબક્કામાં પોર્ટ બ્લેર, વિશાખાપટ્ટનમ, ઈટાનગર, ગુવાહાટી, પટના, ચંદીગઢ, રાયપુર, નવી દિલ્હી, પણજી, ગુરુગ્રામ, સોનીપત, પંચકુલા, શ્રીનગર, ઉધમપુર, જમ્મુ, રાંચી, હજારીબાગ, બેંગલુરુ, તિરુવનંતપુરમ, લેહ, ભોપાલ, ગ્વાલિયર, ઈન્દોર, પુણે, નાગપુર, ઈમ્ફાલ, શિલોંગ, ઐઝવાલ, દિમાપુર, ભુવનેશ્વર, જલંધર, અજમેર, જોધપુર, ગંગટોક, ચેન્નાઈના સરકારી નોકરી મળશે અને તેને માટે તેમને નિયુક્તી પત્ર સોંપવામાં આવશે.નાણાં પ્રધાન નિર્મલા સીતારામન ચેન્નઈથી, માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરી નાગપુરથી, ભારે ઉદ્યોગ પ્રધાન ડો.મહેન્દ્ર નાથ પાંડે પ્રયાગરાજથી, માહિતી અને પ્રસારણ પ્રધાન અનુરાગ ઠાકુર ગુરુગ્રામથી, પંચાયતી રાજ પ્રધાન ગિરિરાજ સિંહ પટનાથી. પીએમઓમાં રાજ્યમંત્રી ડૉ.જિતેન્દ્ર સિંહ નવી દિલ્હીથી, ઉધમપુરના નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરી સહિત ૪૫ મંત્રીઓને અલગ અલગ જગ્યાએ રોકાવાનું કહેવામાં આવ્યું છે. આ તમામ મંત્રીઓ આ સ્થળોએ યુવાનો સાથે વાતચીત કરશે અને વીડિયો કોન્ફરન્સ દ્વારા નિમણૂક પત્રોનું વિતરણ કરતી વખતે વડા પ્રધાન સાથે સંકળાયેલા રહેશે.૨૫ ઓક્ટોબરે દેશભરમાં યોજાયેલા રોજગાર મેળાના પ્રથમ તબક્કામાં ૭૫ હજાર યુવાનોને કેન્દ્ર સરકારની વિવિધ જગ્યાઓ પર વીડિયો કોન્ફરન્સ દ્વારા નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. આ વર્ષે જૂનમાં પીએમે ડિસેમ્બર ૨૦૨૩ સુધી ૧૦ લાખ યુવાનોને નોકરી આપવાની જાહેરાત કરી હતી. નવનિયુક્ત કર્મચારીઓ ગ્રુપ-એ, ગ્રુપ-બી (ગેઝેટેડ), ગ્રુપ-બી (નોન-ગેઝેટેડ) અને ગ્રુપ-સી જેવા વિવિધ સ્તરે સરકારમાં જોડાશે. જે પદોની નિમણૂક કરવામાં આવી રહી છે તેમાં કેન્દ્રીય સશસ્ત્ર દળોના કર્મચારીઓ, સબ ઈન્સ્પેક્ટર, કોન્સ્ટેબલ્સ, એલડીસી, સ્ટેનોસ, પીએ, આવકવેરા નિરીક્ષકો, એમટીએસ અને અન્યનો સમાવેશ થાય છે.

## રાજીવ ગાંધીની હત્યાના દોષીતોને છોડવા વિરુદ્ધ કોંગ્રેસ સુપ્રીમમાં અરજી દાખલ કરશે

### પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીના હત્યારાઓ બહાર આવતા કોંગ્રેસે તેને દુર્ભાગ્યપૂર્ણ અને અસ્વીકાર્ય ગણાવ્યું હતું.





નવીદિલ્હી,તા.૨૧

કોંગ્રેસે પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની હત્યાના દોષીતોને છોડવા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવશે. કોંગ્રેસ તરફથી જલદી પુનર્વિચાર અરજી દાખલ કરવામાં આવશે. કોંગ્રેસે કહ્યું કે તે રાજીવ ગાંધી હત્યાકાંડના દોષીતોને છોડવા વિરુદ્ધ પડકારતી નવી સમીક્ષા અરજી દાખલ કરશે. કોંગ્રેસે રાજીવ ગાંધીના હત્યારાઓના જેલમાંથી બહાર આવ્યાના ૧૦ દિવસ બાદ સુપ્રીમના નિર્ણયને પડકારવાનો નિર્ણય કર્યો છે. ઉલ્લેખનીય છે કે પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીના હત્યારાઓ બહાર આવતા કોંગ્રેસે તેને દુર્ભાગ્યપૂર્ણ અને અસ્વીકાર્ય ગણાવ્યું હતું.

આ પહેલા તમિલનાડુની જેલમાંથી એક મહિલા સહિત છ લોકોને છોડ્યા બાદ કેન્દ્રએ પણ શુક્રવાર (૧૯ નવેમ્બર) એ સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરી આદેશની સમીક્ષા કરવાનું કહ્યું હતું. કેન્દ્રએ તર્ક આપ્યો હતો કે પર્યાપ્ત સુનાવણી વગર દોષીતોને છોડવાની મંજૂરી આપવામાં આવી છે, જેના કારણે કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું સ્પષ્ટ રીતે ઉલ્લંઘન થયું છે. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે આ મામલા સાથે જોડાયેલા અન્ય પક્ષોને સાંભળ્યા વગર દોષીતોને સમય પહેલાં છોડવાનો નિર્ણય આપી દીધો. ઉલ્લેખનીય છે કે પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને દિવંગત રાજીવ ગાંધીના પત્નીએ ચાર દોષીતોની મોતની સજાને ઘટાડવાનું સમર્થન કર્યું હતું. એટલું જ નહીં તેમની પુત્રી પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ રાજીવ ગાંધીની હત્યાના એક આરોપી સાથે મુલાકાત કરી હતી અને તેને મફ કરી દીધો હતો. પરંતુ પાર્ટી નેતૃત્વએ ગાંધી પરિવારથી અસહમતિ વ્યક્ત કરી છે અને આકરી પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસે કહ્યું હતું કે પૂર્વ પીએમ રાજીવ ગાંધીના બાકી હત્યારાઓને છોડવાનો નિર્ણય સંપૂર્ણ રીતે અસ્વીકાર્ય અને ખોટો છે. મે ૧૯૯૧માં તમિલનાડુના શ્રીપેરંબુદૂરમાં કોંગ્રેસ પાર્ટી તરફથી ચૂંટણી પ્રચાર દરમિયાન એક આત્મઘાતી હુમલામાં રાજીવ ગાંધીની હત્યા કરી દેવામાં આવી હતી. આ મામલામાં સાત લોકોને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે દોષીતોને છોડવાનો ચુકાદો આપતા કહ્યું હતું કે કેદીઓના સારા વ્યવહાર અને મામલામાં દોષી ઠેરવવામાં આવેલા અન્ય એક વ્યક્તિ એજી પેરારિવલનને મે મહિનામાં છોડવાના આધાર પર આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે ધરપકડ સમયે તે ૧૯ વર્ષનો હતો અને ૩૦ કરતા વધુ વર્ષ જેલમાં રહ્યો હતો.

## પરણેલો પુરુષ પત્ની અને બાળકોનો ખર્ચ ઉઠાવવા માટે બંધાયેલો, ગરીબાઈનું બહાનું ન કાઢી શકે : હાઈકોર્ટ

શ્રીનગર,તા.૨૧

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટે એક ચુકાદામાં એવું કહ્યું કે એક વખત કોઈ પુરુષ લગ્ન કરી લે અને પરિવારનું પાલણ પોષણ કરવાનો નિર્ણય કરે તે પછી તે એમ ન કહી શકે કે તે લગ્ન સંબંધિત તેની નૈતિક અને કાનૂની જવાબદારી નિભાવવા તૈયાર નથી કારણ કે તે આજીવિકા કમાવવાની ક્ષમતામાં નથી.જસ્ટિસ વિનોદ ચેટર્જી કૌલની ખંડપીઠે વિક્રમ જામવાલ વિરુદ્ધ ગીતાંજલિ રાજપૂત અને અન્ય (૨૦૧૦) ૧ જેકેજે ૨૩૬માં આપેલા ચુકાદા પર આધાર રાખ્યોહતો અને કહ્યું હતું કે, લગ્ન કરવા કે નહીં તે નક્કી કરવાનું કામ વ્યક્તિએ કરવાનું હોય છે, પરંતુ એક વખત કોઈ વ્યક્તિ લગ્ન કરવાનું નક્કી કરે, પછી તે તમામ ફરજો નિભાવવા માટે બંધાયેલો છે જેની સમાજ અને કાયદો અપેક્ષા રાખે છે અને જેનું પાલન કરવાની જરૂર છે.ખંડપીઠ એક અરજી પર નાવણી કરી રહી હતી જેમાં અરજદારને તેની પત્ની અને પુત્રી (તેમનાથી અલગ રહેતા) ના ભરણપોષણનો આદેશ અપાયો હતો. અરજદારે એવી દલીલ કરી હતી કે તેની જવાબદારીઓને ધ્યાનમાં લીધા વિના નિર્વાહની રકમ વધુ પડતી નક્કી કરાઈ છે જ્યારે તમામ જરૂરી કપાતો કર્યા પછી તેની આવક ૧૨૦૦૦ રૂપિયાની આસપાસ છે. તેણે એવું પણ કહ્યું કે તે તેમના ખર્ચની સંભાળ લેવા માટે તૈયાર છે, જો તેઓ તેની સાથે પાછા રહેવાનું શરૂ કરે તો.

આ મામલે નિર્ણય લેતી વખતે જસ્ટિસ કૌલે કહ્યું હતું કે જ્યાં સુધી કોઈ વ્યક્તિ કમાવાની ક્ષમતા ધરાવે છે ત્યાં સુધી તે આ આધારે તેની પત્ની, બાળકો અને માતાપિતાને જાળવી રાખવાની તેની કાનૂની ફરજમાંથી એવું કહીને છટકી ન શકે કે તેની પાસે કમાવાનું કોઈ સાધન નથી. કોર્ટે એમ પણ નોંધ્યું હતું કે અરજદારે પોતે જ પત્ની-બાળકોને પાછા લાવવાનો ઈનકાર કર્યો હતો અને તેથી, તેમની પાસે અરજદારથી દૂર રહેવા માટે પૂરતા આધારો છે.

## ચીનમાં છ મહિનામાં કોરોનાથી પ્રથમ મોત, આકરાં નિયંત્રણોની વિરુદ્ધ લોકોમાં આક્રોશ ચરમસીમાએ

બીજિંગ,તા.૨૧

બીજિંગમાં ૮૭ વર્ષના એક વૃદ્ધનું મૃત્યુ થયું હોવાનું નૅશનલ હેલ્થ કમિશન દ્વારા જણાવાયું છે. જે ૨૬મી મેથી અત્યાર સુધીમાં કોરોનાથી સૌપ્રથમ મૃત્યુ છે. આ સાથે જ આ દેશમાં કોરોનાને કારણે જીવ ગુમાવનારી વ્યક્તિઓની સંખ્યા ૫૨૨૭ પર પહોંચી છે.

ચીન લૉકડાઉન્સ, ક્વૉરન્ટીન, કેસ ટ્રેસિંગ અને સામૂહિક ટેસ્ટિંગ દ્વારા ઈન્ફેક્શન્સનો સફાયો કરવા માટે વ્યાપકપણે નિયંત્રણો મૂકી રહ્યું છે. જેનાથી જનજીવન અને ઈકૉનૉમીને અસર થાય છે તેમ જ ઑથોરિટીની વિરુદ્ધ લોકોમાં આક્રોશ જાગ્યો હોવા છતાં નિયંત્રણોમાં સહેજ પણ ઢીલાશ રાખવામાં આવતી નથી.

દરમ્યાનમાં વૉશિંગ્ટન બેઝ્ડ થિંકટૅંક ફ્રીડમ હાઉસના એક રિપોર્ટ અનુસાર ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટીની સરમુખત્યારશાહીની વિરુદ્ધ હવે વધુને વધુ લોકો અવાજ ઉઠાવી રહ્યા છે. આ રિપોર્ટ અનુસાર સરકારની વિરુદ્ધ પ્રદર્શનો વધી રહ્યાં છે અને સરકાર દ્વારા એટલી જ તાકાતથી એને દબાવવામાં આવી રહ્યાં છે ત્યારે ઘર્ષણમાં ખૂબ જ વધારો થઈ રહ્યો છે.ચીનના હૈઝુ જિલ્લામાં ગુઆન્ગઝૂમાં આક્રોશ વ્યક્ત કરતા લોકોના વિડિયોઝ સોશ્યલ મીડિયા પર જોવા મળ્યા હતા. સેંકડો પ્રદર્શનકર્તાઓ સ્ટ્રીટ્સ પર જોવા મળ્યા હતા અને પોલીસ તેમને આગળ વધતાં રોકતી હતી.

## ભાજપે ૧૫ વર્ષમાં કંઈ કામ કર્યું નથી, આગામી ૫ વર્ષમાં શું કરશે' - મનીષ સિસોદિયા

નવીદિલ્હી, તા.૨૧

દિલ્હી એમસીડી ચૂંટણીને પગલે આમ આદમી પાર્ટી અને ભાજપ સતત એકબીજા પર આરોપ-પ્રત્યારોપ કરી રહી છે. બંને દળના નેતા પોતાની જીતનો દાવો કરી રહ્યા છે. દરમિયાન દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ કહ્યુ કે આજથી આમ આદમી પાર્ટી પોતાના ચૂંટણી કેમ્પેઈનને આગામી તબક્કામાં લઈને જઈ રહી છે.

જનતાએ અરવિંદ કેજરીવાલને સરકાર ચલાવવાની તક આપી. સ્કુલ, હોસ્પિટલ બનાવ્યા, ૨૪ કલાક વિજળી, ટ્રાન્સપોર્ટ યોગ્ય કર્યુ. પાણી અને રોડ-રસ્તા સરખા કર્યા. સિસોદિયાએ કહ્યુ કે ભાજપને એમસીડી ચલાવવાની તક મળી. ૧૫ વર્ષ સુધી ભાજપે કંઈ કર્યુ નહીં. આજે ગમે ત્યાં ઉભા રહો દિલ્હી સરકારનુ કામ જનતા ગણાવી શકે છે. બીજી તરફ એમસીડીનુ કામ જનતા ગણાવી શકશે નહીં. ભાજપ નેતા પણ મ્યુનિસિપલનું કામ ગણાવી શકતા નથી. ભાજપના નેતા અરવિંદ કેજરીવાલને ગાળો આપીને મત માગી રહ્યા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ, મુખ્યમંત્રી, સાંસદ, ધારાસભ્ય સવારથી સાંજ સુધી અરવિંદ કેજરીવાલને ગાળો આપતા હોય છે. સવારથી ઉઠીને રાત્રે સૂવા સુધી કેજરીવાલને ગાળો આપે છે. આમ આદમી પાર્ટીની પાસે કામ છે, તેમની પાસે ગાળો છે.આપ 'કેજરીવાલ કી સરકાર, કેજરીવાલ કા કાઉન્સિલર' બીજુ કેમ્પેઈન શરૂ કરી રહ્યા છે. સિસોદિયાએ કહ્યુ કે અમે ભાજપ વિશે લોકોને અવગત કરી રહ્યા છીએ. ભાજપ પાસે કામ અને એજન્ડા નથી. ભાજપે ૧૫ વર્ષમાં કંઈ કામ કર્યુ નથી તે હવે આગામી ૫ વર્ષમાં શું કરશે. તેમાંય કેજરીવાલને ગાળો આપીને. તેમની પાસે ભવિષ્યની યોજના નથી.

## તંત્રી સ્થાનેથી...

# ફુટબોલ વર્લ્ડકપ કતારમાં પણ તેની ચર્ચા ભારતમાં !



*સમગ્ર વિશ્વમાં ફૂટબૉલ રમનારી ૩૨ સર્વશ્રેષ્ઠ ટીમો વચ્ચે કતારમાં ૨૦ નવેમ્બરથી ફૂટબૉલ વર્લ્ડકપ શરૃ થયો રહ્યો છે. આ વર્લ્ડકપને લગભગ પાંચ અબજ લોકો જોશે. વર્ષ ૨૦૧૮નો વર્લ્ડકપ કુલ ચાર અબજ લોકોએ જોયો હતો. ભારતીય રમતપ્રેમીઓ - આજની પેઢી માટે તેને લઈને ઉત્સાહિત થવા હવે અનેક નવા કારણો છે. આ સમયમાં સૌથી વધુ ચર્ચામાં ભારતીય ફૂટબોલ કેપ્ટન સુનિલ છેત્રી. રોનાલ્ડો ને કોહલી હમણાં ન્યૂઝમાં હતા, ત્યારે આ ભારતીય ફૂટબોલરે ૭૪ મો ઈન્ટરનેશનલ ગોલ કરી લીજેન્ડ ગણતા મેસીને ૨૦૨૧માં પાછળ રાખી દીધો. જગતભરની ઈન્ટરનેશનલ ફૂટબોલની રેકોર્ડબૂકમાં ગોલની સંખ્યાના મામલે રોનાલ્ડોના ૧૦૯ પછી સીધું સુનિલ છેત્રીનું નામ છે!*

*કદી કલ્પના ય કરી હતી કે કોઈ ભારતનો ફૂટબોલર મેસીથી આગળ નીકળી રોનાલ્ડો પછીના ક્રમે દુનિયામાં નામ કાઢશે! અલબત્ત, ખુદ છેત્રી જ નમ્રતાથી કહે છે કે એ બધા જે ટોપ કલાસ પ્રેશર મેચ રમ્યા હોય એકબીજા સામે, એવું રમવાનો બહુ મોકો નથી મળ્યો. મારા ગોલ તો મોટે ભાગે નબળી ટીમો સામે થયા છે. પણ એમાં છેત્રીનો વાંક નથી. જગત દીવાનું છે એ ફૂટબોલ માટે બંગાળની બાદ કરતા સ્કુલ લેવલે ય આપણને જ ખાસ રસ નથી. એવી સ્થિતિમાં છેત્રી એ જગ્યા પર છે જયાં એક ગોલ વધુ કરી ૭૫નો આંક ક્રોસ કરશે એટલે ઓલ ટાઈમ ટોપ ઈન્ટરનેશનલ ફૂટબોલ ગોલ સ્કોરરમાં એનું નામ લખાઈ જશે. તેમણે ૬ વર્ષે ફીફા વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં મેચ જીતાડી, બીજી ડ્રોમાં કઢાવી ને નાનકડી આશા ભારતની જીવંત રાખી હતી. ક્રિકેટરો જેટલા મીડિયા એટેન્શન કે બ્રાન્ડ એન્ડોર્સમેન્ટના રૃપિયા વિના છત્રીસ વર્ષે ય એકલે હાથે પોતાનો ઈતિહાસ ભવિષ્યની પેઢી માટે જાતે લખતો સુનિલ છેત્રી. સ્વદેશમાં એનો ચહેરો ય હજુ અજાણ્યો છે.*

*અત્યાર સુધી ભારત આ ટુર્નામેન્ટમાં એક પણ વખત ભાગ લઈ શક્યું નથી. એ રીતે ભારતમાં ફૂટબોલના ફેન્સ માટે અનેક બાબતોની ખુબ મોટી ચર્ચા છે. ઈતિહાસ એ છે કે ભારતીય ફૂટબૉલ ટીમ આજથી ૭૨ વર્ષ પહેલાં એટલે કે ૧૯૫૦માં બ્રાઝિલમાં રમાઈ રહેલ વર્લ્ડકપમાં ભાગ લેવા જવાની હતી, પરંતુ ભારતીય ટીમ તેમાં અંતે ભાગ નહોતી લઈ શકી. બીજા વિશ્વયુદ્ધને કારણે ૧૯૪૨ અને ૧૯૪૬માં વર્લ્ડકપ ફૂટબૉલનું આયોજન નહોતું થઈ શક્યું.૧૯૫૦માં ૧૨ વર્ષ સુધી રાહત જોયા બાદ વર્લ્ડકપનું આયોજન થવાનું હતું. બ્રાઝિલમાં થનાર વર્લ્ડકપ માટે માત્ર ૩૩ દેશોએ ક્વૉલિફાઈંગ રાઉન્ડમાં રમવા માટે સંમતિ વ્યક્ત કરી હતી. ક્વૉલિફાઈંગ ગ્રૂપ ૧૦માં ભારતને બર્મા (મ્યાંમાર) અને ફિલિપાઈન્સ સાથે જગ્યા મળી હતી. પરંતુ બર્મા અને ફિલિપાઈન્સે ક્વૉલિફાઈંગ રાઉન્ડમાંથી પોતાનાં નામ પાછાં ખેંચી લીધાં. એટલે કે ભારત વગર રમ્યા વગર જ વર્લ્ડકપ માટે ક્વૉલિફાય કરી ગયું હતું. ઈતિહાસ દૂર નહોતો. ભારતીય ટીમને પ્રથમ વખત ફૂટબૉલમાં પોતાનાં કરતબ બતાવવાની ટિકિટ મળી ચૂકી હતી.*

મેળાપ
ટીપુ સુલતાન,
અને, અમારા વચ્ચે વેર હશે?
જરૂરી નથી કે,
જીવિત વ્યકિત સાથે જ વેર હોય,
મૃતક સાથે પણ વેર હોઇ શકે!
જો કે,
બંનેની કુંડળીમાં ,
સદ્દભાવ છે.
શ્રીરંગપટનમમાં,
ટીપુનો મહેલ જોવા ગયા.
ટિકિટ માત્ર વીસ રૂપરડી.
ડીજીટલ ઈન્ડિયાના હિમાયતીઓ,
રોકડ લઇ ટિકિટ આપે નહીં.
કદાચ ,
કોઇ ટેકનોસેવીનો,
આત્મા જીવતેજીવત દુભાતો હશે!!
હેન્ડહોલ્ડ કે પોસ મશીન પણ નહી.
કેવળ,
પેટીએમની મોનોપોલી !!
અમારી કને,
પેટીએમના ફાંફા!!!
ટેકસી ડ્રાઇવરે,
પેટીએમ કર્યું.
અમે ,
મરણાસન્ન,
ટાપુને મળી શકયા!!!
ભરત વૈષ્ણવ
૨૧.૧૧.૨૦૨૧.#

# વિજય હજારે ટ્રોફીની મેચમાં એન.જગદીશને ધુંઆધાર બેટિંગ કરી ઇતિહાસ રચી દીધો

## તમિલનાડુના વિકેટકીપર એન. જગદીસને શાનદાર બેવડી સદી નોંધાવીને ૨૭૭ રન નોંધાવ્યા

ચેન્નાઇ,તા.૨૧

ભારતના પાંચ શહેરોમાં વિજય હજારે ટ્રોફીની મેચ ખેલાઇ રહી છે, જેમાં ચેન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે અરુણાચલ પ્રદેશ અને તમિલનાડુ વચ્ચેની મેચમાં તમિલનાડુની ટીમે બે વિકેટના ભોગે ૫૦૬ રનનો જંગી જુમલો ખડકી દીધો હતો અને અનેક નવા કિર્તીમાન સ્થાપિત કર્યા હતા.અરુણાચલ પ્રદેશ સામેની મેચમાં તમિલનાડુની ટીમે ૨ વિકેટના ભોગે ૫૦૬ રનનો જંગી જુમલો ખડકીને રેકોર્ડ સર્જી દીધો હતો. આ અગાઉ સર્વાધિક સ્કોરનો રેકોર્ડ ઈંગ્લેન્ડના નામે હતો. તેણે




૧૭ જૂન, ૨૦૨૨માં નેધરલેન્ડ સામેની મેચમાં ૪ વિકેટના ભોગે ૪૯૮ રન નોંધાવીને વિશ્વ વિક્રમ કર્યો હતો. તમિલનાડુના વિકેટકીપર એન. જગદીસને શાનદાર બેવડી સદી નોંધાવીને ૨૭૭ રન નોંધાવ્યા હતા. તેણે માત્ર ૧૧૪ બોલમાં બેવડી સદી નોંધાવી હતી, જે પણ એક રેકોર્ડ છે. ભારતીય સ્થાનિક ક્રિકેટમાં અગાઉની સૌથી ઝડપી બેવડી સદી ૨૦૧૮/૧૯ વિજય હજારે ટ્રોફીમાં ઉત્તરાખંડ માટે કરણવીર કૌશલે ૧૩૨ બોલમાં ફટકારી હતી. એન. જગદીસનના ૨૭૭ રનમાં ૧૫ છગ્ગા સામેલ છે, જે ભારતીય ડોમેસ્ટિક ક્રિકેટમાં એક જ મેચમાં બેટર દ્વારા સૌથી વધુ છગ્ગા મારવાનો રેકોર્ડ છે. અગાઉ ૨૦૧૯માં મુંબઇના યશસ્વી જયસ્વાલે ઝારખંડ સામે એક મેચમાં સૌથી વધુ ૧૨ છગ્ગા માર્યા હતા.

એન. જગદીસને આ સાથે છ લિસ્ટ ક્રિકેટમાં લાગલગાટ પાંચ સેન્ચુરી ફટકારી છે અને આવું કરનાર પ્રથમ ખેલાડી બન્યો છે.આ અગાઉ માર સંગાકારા, અલવીરો પીટરસન અને દેવદત્ત પડિક્કલએ છ લિસ્ટ ક્રિકેટમાં લાગલગાટ ચાર સેન્ચુરી નોંધાવી છે. જગદીસન અને સાંઈ સુદર્શને પ્રથમ વિકેટ માટે ૪૧૬ રનની ભાગીદારી નોંધાવી હતી, જે તમામ લિસ્ટ છ ક્રિકેટમાં કોઈપણ વિકેટ માટે સૌથી વધુ છે. ભારતીય સ્થાનિક ક્રિકેટમાં અગાઉ ૨૦૧૯માં કેરળ માટે સંજુ સેમસન અને સચિન બેબીએ ગોવા સામે સૌથી વધુ ૩૩૮ રનની ભાગીદારી નોંધાવી હતી.આ સાથે એન જગદીસને વિજય હજારે ટ્રોફી ૨૦૨૨માં કુલ ૭૯૯ રન બનાવ્યા છે. ૨૦૨૦/૨૧માં પૃથ્વી શૉએ વિજય હજારે ટ્રોફીમાં સૌથી વધુ ૮૨૭ રન ફટકાર્યા હતા. તમિલનાડુએ કેરળ સામે હજી એક મેચ રમવાની બાકી છે અને એન. જગદીસનને પૃથ્વી શૉના એ રેકોર્ડને પણ તોડવાની તક છે. ઉલ્લેખનીય છે કે ભારતીય ક્રિકેટ ટીમના સિલેક્ટર્સો આવી સ્થાનિક કક્ષાની મેચો પર ઘણું ધ્યાન આપતા હોય છે અને પ્રતિભાવાન ખેલાડીને ભારતીય ટીમમાં તક આપતા હોય છે, એ જોતા એન. જગદીસન માટે ભવિષ્ય ઉજળું છે.

# બિહારમાં શોભાયાત્રામાં ટ્રક ઘૂસી જતાં સાત બાળકો સહિત ૧૨ લોકોના મોત થયા

## રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન,મુખ્યપ્રધાને શોક વ્યક્ત કર્યો

પટણા,તા.૨૧

બિહારના વૈશાલીના મેહનાર વિસ્તારમાં એક દર્દનાક માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા સાત બાળકો સહિત ૧૨ લોકોના મોત થયા છે અને ઘણા લોકો ઘાયલ થવાની આશંકા છે. પોલીસે રવિવારે આ જાણકારી આપી. રોડની બાજુમાં આવેલા મકાનને ટ્રક અથડાવાને કારણે આ અકસ્માત થયો હતો. રિપોર્ટ અનુસાર બિહારમાં એક જ દિવસમાં ત્રણ મોટા રોડ અકસ્માત થયા છે. સિવાનમાં બાઇક અને બોલેરો વચ્ચેની ભીષણ અથડામણમાં એક નિર્દોષે જીવ ગુમાવ્યો હતો. કહેવાય છે કે બાઇક પર ૬ લોકો સવાર હતા.

આ બે દર્દનાક અકસ્માતો પછી, વૈશાલીમાં એક મોટો માર્ગ અકસ્માત થયો, જેમાં સાત નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા. ગયા મહિને, વૈશાલી જિલ્લામાં એક બસ પાર્ક કરેલી ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં બે લોકોના મોત થયા છે, જ્યારે ૨૦ લોકો ઘાયલ થયા છે. આ ઘટના ૨૭ ઓક્ટોબરે હાજીપુરમાં બની હતી. અહેવાલો અનુસાર, ટ્રકમાં ખામી સર્જાયા બાદ તે રોડની કિનારે પાર્ક કરી દેવામાં આવી હતી. બસે કાબુ ગુમાવ્યો અને ટ્રક સાથે અથડાયા બાદ ઘટના બની હતી.

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બિહારના વૈશાલી માર્ગ અકસ્માત પર શોક વ્યક્ત કર્યો છે. અહીં એક બેકાબૂ ટ્રકે રસ્તાના કિનારે ચાલી રહેલા ઘણા લોકોને કચડી નાખ્યા, જેમાં ૧૨ લોકોના મોત થયા. રવિવારે રાત્રે બનેલા આ અકસ્માતમાં ઓછામાં ઓછા ૭ બાળકોએ જીવ ગુમાવ્યો હતો. અકસ્માત થયો ત્યારે લોકો ધાર્મિક શોભાયાત્રા કાઢી રહ્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ માર્ગ અકસ્માતમાં પોતાના પ્રિયજનોને ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. રાષ્ટ્રપતિ ભવન દ્વારા એક ટ્વીટમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિએ "આ અકસ્માતમાં તેમના પ્રિયજનો અને ઘાયલોને ગુમાવનારાઓના પરિવારના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી છે."

આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વૈશાલીમાં થયેલા અકસ્માતમાં લોકોના મોત પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે સ્દ્રઈહ્ન (પ્રાઈમ મિનિસ્ટર નેશનલ રિલીફ ફંડ) માંથી જીવ ગુમાવનારા લોકોના નજીકના સંબંધીઓને ૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ વૈશાલીમાં માર્ગ અકસ્માતમાં પોતાના પ્રિયજનોને ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. સીએમ નીતિશે પરિવારના સભ્યોને મદદ કરવાની જાહેરાત કરી છે.

## પુણે-બેંગલુરુ હાઈવે પર ટેક્કરની બ્રેક ફેઈલ થતા ૪૮ વાહનોનો કચ્ચરઘાણ વાળ્યો, ઘટનામાં ૩૦ ઘાયલ

પુણે,તા.૨૧

મહારાષ્ટ્રના પુણેમાં નાવેલ બ્રિજ પર એક મોટી દુર્ઘટના ઘટી. અહીં એક ટેક્કર અનેક વાહનો સાથે અથડાતાં ઓછામાં ઓછા ૩૦ લોકો ઘાયલ થયા છે. પુણે ફાયર બ્રિગેડના એક અધિકારીએ જણાવ્યું હતું કે અકસ્માતને કારણે ૪૮ વાહનોને નુકસાન થયું છે. પુણે-બેંગલુરુ હાઈવે પર નાવેલ પુલ પર મોટો માર્ગ અકસ્માત થયો હતો, જેમાં લગભગ ૪૮ વાહનોને નુકસાન થયું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. આ પછી, પુણે ફાયર બ્રિગેડ અને પુણે મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી ની બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, નાવેલ બ્રિજ પર એક ટેક્કરની બ્રેક ફેલ થઈ ગઈ હતી, ત્યારબાદ તે અનેક વાહનો સાથે અથડાઈ હતી. આ દુર્ઘટના રવિવારે રાત્રે ૯ વાગે જણાવવામાં આવી રહી છે. આ અકસ્માતમાં ટેક્કરમાંથી ઓઈલ રોડ પર ફેલાઈ ગયું હતું, જેના કારણે માર્ગ વધારે લપસણો થઈ ગયો હતો, અકસ્માતને કારણે, સતારાથી મુંબઈ જતા રસ્તા પર ૨ કિલોમીટરથી વધુ લાંબો ટ્રાફિક જામ થયો હોવાનું જાણવા મળ્યું છે.વાસ્તવમાં નાવેલ બ્રિજ છેલ્લા કેટલાક દિવસોથી અકસ્માતનું સ્થળ બની રહ્યો છે. આઉટર રિંગ રોડ પર નાવેલ બ્રિજ પાસે સ્પીડમાં આવતી કારે ટક્કર મારતાં એક મહિલાનું મોત થયું હતું. બીજી તરફ, રવિવારે પણ અકસ્માતમાં પુણે ફાયર બ્રિગેડના એક અધિકારીએ જણાવ્યું કે ૪૮ વાહનોને નુકસાન થયું છે.

પુણે-બેંગલુરુ હાઈવે પર નાવેલ બ્રિજ પર થયેલા માર્ગ અકસ્માતને પગલે પુણે ફાયર બ્રિગેડ અને પુણે મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીની બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે બચાવ કરવામાં આવી રહ્યો છે અને ઘાયલોને સારવાર માટે મોકલવામાં આવ્યા છે.

### જાજપુર રેલવે સ્ટેશન પાસે ગુડસ ટ્રેનના ડબ્બા પાટા પરથી ઉતરી પડતા ૨ લોકોના મોત, ૮થી વધુ ઘાયલ

ભુવનેશ્વર,તા.૨૧

જાજપુર કોરાઈ રેલવે સ્ટેશન પર આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર આ અકસ્માતમાં બે લોકોના મોત થયા છે જ્યારે આઠથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આરપીએફ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમોને રાહત કાર્ય માટે તૈનાત કરવામાં આવી છે.ભુવનેશ્વરથી અકસ્માત રાહત ટીમ મોકલવામાં આવી છે. ડીઆરએમ અકસ્માત સ્થળ તરફ રવાના થઈ ગયા છે. અકસ્માત બાદ પોલીસે સમગ્ર સ્ટેશન પરિસરને કોર્ડન કરી લીધું છે. એવું માનવામાં આવે છે કે ટ્રેનના ડબ્બાની નીચે કેટલાક વધુ લોકો દટાયા હોવાની શક્યતા છે. પૂર્વોત્તર રેલવેના જનસંપર્ક અધિકારીએ કહ્યું છે કે આ એક દુઃખદ અકસ્માત છે. જેના કારણે આ દુર્ઘટના બની છે, તેની તપાસ કરવાની સૂચના આપવામાં આવી છે.

# ભારતીય ફુટબોલમાં હલચલ મચી, ફિક્સિંગ મામલે સીબીઆઈની તપાસ તેજ થઈ

નવીદિલ્હી,તા.૨૧

ભારતીય ફૂટબોલ માં આ સમયે હલચલ મચી ગઈ છે. ફિક્સિંગનો મામલો સામે આવ્યો ત્યારથી ઉથલપાથલ મચી ગઈ છે. આ મામલામાં કેટલીક ક્લબોના નામ પણ સામે આવી રહ્યા છે. હવે સીબીઆઈએ પણ ફૂટબોલ ફિક્સિંગ કેસમાં તપાસ શરૂ કરી છે.સીબીઆઈએ કથિત ફૂટબોલ ફિક્સિંગ કેસમાં પ્રાથમિક તપાસ રજીસ્ટર કરી છે. તેની એક ટીમ પણ તાજેતરમાં વધુ માહિતી માટે ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનના મુખ્યાલયે પહોંચી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સીબીઆઈએ ફૂટબોલમાં કથિત મેચ ફિક્સિંગ સંબંધિત તેમના રોકાણ વિશે પણ પૂછપરછ કરી હતી.

રિપોર્ટ્સ અનુસાર, ફિક્સિંગના મામલામાં ૫ ભારતીય ફૂટબોલ ક્લબના નામ સામે આવી રહ્યા છે, જેમના પર સિંગાપોરના એક ફિક્સર પાસેથી શેલ ફર્મ્સ દ્વારા પૈસા મેળવવાનો આરોપ છે. અહેવાલ અનુસાર, છૈંહ્લહ્લના જનરલ સેક્રેટરી શાજી પ્રભાકરનનું કહેવું છે કે ફેડરેશન મેચ ફિક્સિંગ પ્રત્યે ઝીરો ટોલરન્સ જાળવી રાખે છે. પ્રભાકરે કહ્યું કે ફેડરેશને તમામ ક્લબોને તપાસમાં સહકાર આપવા કહ્યું છે.જનરલ સેક્રેટરીએ વધુમાં કહ્યું કે તેઓ ફિક્સર દ્વારા શેલ કંપનીઓ દ્વારા કરવામાં આવેલા રોકાણને લઈને ચિંતિત છે. તેમણે કહ્યું કે તે દરેક પ્રયાસ કરશે કે ભારતીય ફૂટબોલને મેચ ફિક્સિંગ સાથે દૂરથી પણ સંબંધિત કોઈપણ વ્યક્તિ સાથે કોઈ સંબંધ ન હોવો જોઈએ.

રિપોર્ટ્સ અનુસાર, સીબીઆઈએ આ ૫ ક્લબનો પણ સંપર્ક કર્યો છે અને તેમને ક્લબ સાથે જોડાયેલા તમામ વિદેશી ખેલાડીઓ, વિદેશી સપોર્ટ સ્ટાફ અને સ્પોન્સર્સ વિશે માહિતી આપવા કહ્યું છે. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે આ ૫ ક્લબ આઈ-લીગની છે. દેશની બીજી સૌથી મોટી ફૂટબોલ ટુર્નામેન્ટ આઈ-લીગની ૫ ક્લબોની પણ તપાસ કરવામાં આવી રહી છે. વર્ષની શરૂઆતમાં ગોવા પ્રો લીગની ૬ મેચોમાં સટ્ટાબાજી જોવા મળી હતી જે આ ફિક્સિંગની સૌથી મોટી નિશાની માનવામાં આવી હતી. હવે આ કેસ પછી સી.બી.આઈ. હવે તપાસમાં ઉંડા ઉતરવાની કાર્યવાહીમાં લાગી ચુક્યુ છે. જેના ભાગરુપે જ ફુટબોલ ફેડરેશનમાં પહોંચીને પ્રાથમિક વિગતો સહિતની બાબતો અંગેની પૂછપરછ કરાઈ હોવાનુ માનવામાં આવે છે. જે મુજબ હવે સીબીઆઈ વિગતો અને પૂરાવાઓ એકઠા કરીને આગળની કાર્યવાહી તેજ કરશે.

## સબા આઝાદ સાથે રહેવા રિતીક ખર્ચશે ૧૦૦ કરોડ?

મુંબઈ,તા.૨૧

રિતીક રોશન અને અભિનેત્રી સબા આઝાદ હંમેશા સાથે જોવા મળે છે. તેના સંબંધને લઈને ઘણો સસ્પેન્સ બનેલો છે. જેના કારણે તે બંને લાઈમલાઈટમાં રહે છે. મોટાભાગના ફંક્શનમાં બંને સાથે જ જોવા મળે છે. એવું કહેવામાં આવી રહ્યુ છે કે બંનેએ પોતાના સંબંધની આગળ વધારવાનો નિર્ણય લીધો છે.

રિપોર્ટ્સ અનુસાર કપલ એક લગ્ઝુરિયસ ફ્લેટમાં રેનોવેશનનું કામ કરાવી રહ્યા છે. રિતીક રોશને મન્નત નામની બિલ્ડીંગમાં બે એપાર્ટમેન્ટ લીધા તેવી ખબર સામે આવી રહી છે. બંને એપાર્ટમેન્ટની કિંમત ૯૭ કરોડ રુપિયાથી પણ વધારે જણાવવામાં આવી રહી છે. ૩૮ હજાર ફૂટ વર્ગના આ ફ્લેટથી ખૂબ જ શાનદાર નજારો જોવા મળશે.

એવું કહેવામાં આવી રહ્યુ છે કે ૧૫ અને ૧૬માં માળે આ સ્ટાર કપલનો ડુપ્લેક્સ ફ્લેટ છે. આ એક ફ્લેટ ૬૭ કરોડ રુપિયાનો અને બીજો ૩૦ કરોડ રુપિયાનો છે. જણાવી દઈએ કે રિતીક રોશન અને સબા આઝાદ એક બીજાને લાંબા સમયથી ડેટ કરી રહ્યા છે. જોકે, રિતીક રોશને સબા આઝાદની સાથે એપાર્ટમેન્ટમાં શિફ્ટ થવાની ખબરોને નકારી દીધી છે.

રિતીક રોશને આ ખબરોને નકારી દીધી છે અને ટ્વીટ કરીને જણાવ્યુ છે કે, આમાં કોઈ જ સત્ય નથી. એક સેલિબ્રિટીના રુપે હું સમજુ છુ કે હું હંમેશા એક જિજ્ઞાસાની સીમામાં છુ. પણ આપણે એ વાતનું પણ ધ્યાન રાખવુ જોઈએ કે આપણે ખોટી સૂચનાઓને દૂર રાખીએ.

# ગિરધરભાઇ. હર્બો લાઇટ શું છે?" રાજુએ મને સવાલ પૂછ્યો.

" સપ્લીમેન્ટ પાવડર છે" મેં રાજુને જવાબ આપ્યો.

" ગિરધરભાઇ. જગતમાં એવો કયો ધંધો છે તેમાં ક્યારેય મંદી બંદી ન આવે?" રાજુએ મને પૂછ્યું.

" માખી કે મચ્છર મારવાના ધંધામાં ક્યારેય મંદી ન આવે!!" મેં સનાતન સત્ય ઉચ્ચાર્યું. " ગિરધરભાઇ . નો પુઅર પીસી!! સિરિયસલી કહો, પ્લીલીલીલીઇઝ"

" રાજુ જાડા કે પાતળા થવાના બિઝનેસમાં કાયમ તેજી રહે છે. મંદી તો નજીક પણ ફરકી શકે નહીં."મેં રાજુને યુનિવર્સલ ટ્રૂથ ગણાવ્યું!

"જાડા અને પાતળા એકમેકના મિત્ર ન હોઇ શકે. જાડીયો કાયમ સળેકડી જેવા તાબુત જેવા પાતળા પરમારની ઉના ઉના ટાઢા ટાઢા નિસાસા મુકે છે. જયારે મલોખા જેવા પાતળો જાડા થવા માટે સામ,દામ,દંડ અને ભેદની નીતિ અખત્યાર કરી જાડા થવાની કોશિશ કરે છે!!રાજુએ જાડા-પાતળા માણસોની મનોસ્થિતિનું વર્ણન કર્યું!!

"રાજુ. ફિલ્મના હીરો હીરોઇન રોલ મેળવવા માટે વજન વધારે કે ઘટાડતા હોય છે. સાલું એ સમજાતું નથી કે કરીનાકપૂર જેવી જાડીપાડીને કેવી રીતે જીરો ફિગર કહી શકાય? આલિયા ભટને જીરો ફિગર કહેવાય !! હીરો હીરોઇન ફિગર જાળવવા જીમનો સહારો લે છે. પુષ્કળ વર્કઆઉટ ( બહાર કામ નહીં !! કસરત કરવાનો મોડર્ન શબ્દ છે, ડયુડ!!)સિકસપેક બોડી કરવા લીટરરી પરસેવાના ગેલનો વહેડાવે છે. મોડેલીંગની દુનિયામાં શરીર-ફિગર સર્વસ્વ છે. સ્થૂળા ( સમજ ન પડી?સ્થૂળનું નારી વાચક છે.)ભૂખને મારવા ચા-કોફી પીધે રાખે છે,સિગારેટો ફૂંકે રાખે છે.ખોરાક ન લેવાના કારણે ચામડી લબડી જાય છે, ગાલ બેસી જાય છે, કમળા થયો હોય તેમ શરીર બટાકાવર્ણુ થઇ જાય છે!! છતાં ફરજિયાત ઉપવાસ ચાલું રાખે છે!!"મેં ગ્લેમર વર્લ્ડની બ્લેક સાઇડ રજૂ કરી.

"ગિરધરભાઇ.આ કેવું ડીંડક? જાડા થવા હર્બોલાઇટનો પાવડરનું સેવન કરવાનું. પાતળા થવા પણ હર્બોલાઇટ પાવડરનું સેવન કરવાનું? કંપની એજન્ટને ચાલીસ ટકા જેટલું તગડું કમિશન આપે એટલે કમિશનની લ્હાયમાં એજન્ટ સગા વહાલાં, મિત્રો, પરિચિતોને ગ્લુકોઝ પાવડરની જેમ હર્બોલાઇટ પાવડર ફટકારે રાખે!!"રાજુએ મેડીકલ સ્કેમ જાહેર કર્યું. "રાજુ .પતંગ જેવો પાતળો ભક્ષક રોગોની માફક બધું આરોગે છતાં તસુભાર કે ગ્રામ વજન ન વધે!! સુલતાન મોહમ્મદ બેગડાની જેમ મોંની ઘંટીમાં કાજુ, બદામ, અખરોટ, પિસ્તા , કિસમિસ, મગજ, મેસુબ, મોહનથાળ, કાજુકતરી, અંજીર રોલ, મોતીચૂર,બરફી (મોંમાં પાણી આવવા મંડયુંને? તમારું વજન પાંચ મિલિગ્રામ વધી ગયું. મારા વાત ખોટી લાગે તો જાવ વજનકાંટે માપી લો!)ગાંઠીયા, જલેબી, ગોટા ઓરે તો પણ વજન વધે નહીં . પાછો ચિંતાળવો પણ ન હોય!!" મેં પાતળાની જાડી સમસ્યા કહી!!

" ગિરધરભાઇ. જાડા કે જાડીનું પણ એવું છે. રોટલીની જગ્યાએ એકાદ ખાખરો ખાય, સલાડ ખાય, બાફેલા શાકભાજી ખાય, ભૂખ્યા રહે. અપિતું, જાડા જણને ચૈત્ર ચડે નહીં ને વૈશાખ ઉતરે!!રોજ દસ-બાર કીલોમીટર ચાલે કે દોડે પણ કોઇ ફરક પડે નહીં. વજન ઉતારવાનાં બેલ્ટ ઓનલાઇન મંગાવે ,વજન ઉતારવાનો બદલે,બેલ્ટ લુઝ થવાના બદલે કંદોરા જેટલો ટાઇટમટાઇટ થાય. અરે, માત્ર શ્વાસ લે તો પણ વજન વધે તો બાપડો જાડિયોજણ શું કરે??"રાજુએ જાડિયા પુરાણ વર્ણવ્યું!!

" રાજુ હીરો કે હીરોઇન રોલ મેળવવા માટે કે વેફરથીન મોડેલો મોડેલીંગ એસાઇન મળે તે માટે, મનગમતો ભરથાર કે ભાર્યા મેળવવા માટે જરૂરિયાતનુસાર જાડાપાતળા થવા પાપડ વણે તે સમજાય. એક ચોર મહાશયે ચોરી કરવા કે ચોરી કરી બારામાંથી ગળકવાના શુભાશયથી એક, બે નહીં પણ પૂરા સાત કીલો વજન કોઇ પણ કલિનિકની મદદ વિના ઉતારીને સમગ્ર ચૌર્ય સમાજ માટે અનુકરણીય, અનુસરણીય,અભૂતપૂર્વ, અશ્રુતપૂર્વ ,કલ્પનાતીત ઉદાહરણ પૂરું પાડ્યું છે!! " મેં રાજુને સમાચાર સારાંશ કહ્યો!!

" ગિરધરભાઇ. દ્રૌપદીએ કે સીતામાતાએ સ્વયંવરમાં લક્ષ્યવેધ કે ધનુષ ઉપાડવાના બદલે લગ્નોત્સુક મૂરતિયો પાંચ કીલો વજન ઉતારે તેને વરીશ એવી શરત કરી હોત તો મહાભારત કે રાવણ વધ કરવાની જરૂરત ઉપસ્થિત થઇ ન હોત!!!!" રાજુએ મારા કાનમાં શક્યતાનો બોમ્બ ફોડ્યો.

" હેંહેંહેં!! શું ??" મારો હેબતાઈ ગયેલો પ્રતિભાવ.

ભરત વૈષ્ણવ
૨૧.૧૧.૨૦૨૧.#હાસ્યલેખ

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



Nog.ss..No.73
વિષય..ધર્માતરણની આડ અસર,
પ્રકાર.ગદ્ય,
શીર્ષકઃ ધર્મ કે મજબૂરી

દક્ષિણ ભારત બાજુના ગામડામાં પછાત અને અભણ પ્રજા વધારે રહે તેઓ જંગલ અને ડુંગરાળ વિસ્તાર માં રહે એટલે ભણવાની સુવિધા બહુ ના હોય,ખાવા માટે કાળી મજૂરી કરવી પડે,મજૂરી પણ ના મળે તો ખાવાના ફાંફા પડે,.આવા દિવસોમાં કોઈ તમારો મસીહા બને તમને ખવાનું રહેવાનું ભણવાનું પૂરું પાડે,તમારી જીવન જરૂરીયાતની વસ્તુ પુરી પાડે તમને સારા નાગરીક બનાવવા માટે બધુજ કરે,એના બદલામાં તેઓ એવું કહે કે તમારે અમારો ધરમ સ્વીકારવાનો તમારે પ્રભુ ઈશુંને માનવાના ચર્ચમાં જવાનું ઈશ્વરની પ્રાર્થના કરવાની ને પછાત ગરીબ મજૂર વર્ગ તૈયાર થયો પોતાના બાળકોના સારા ભવિષ્ય માટે બે ટંકની રોટલી માટે, શું આને તમે ધર્મનું પરિવર્તન કહેવાય? ના આને મજબૂરીમાં કરેલું ધર્મનું આચરણ કહેવાય , કારણકે મને જે રોજી રોટી આપે મને જે મદદ કરે મારા બાળકોના ભવિષ્યની ચિંતા કરે,એજ મારા માટે ભગવાન એને માનવું એજ મારો ધર્મ બસ એટલુંજ એ લોકોને ખબર છે, ધર્મનું પરિવર્તન કે બીજા ધર્મનું આચરણ શા માટે સ્વીકારવું પડે છે એ બહુ મોટો પ્રશ્ન છે,બાકી ઈશ્વર તો દરેક ધર્મમાં છે,અંતે દરેક ધર્મનું લક્ષ ઈશ્વરની પ્રાપ્તિ હોય છે,

નયના પટેલ.નૈન.

---

અલ્પા મહેતા
NGO no 127
શિર્ષક : ધર્માચરણ ની આડઅસરો

ધર્મ નાં નામ પર થતી અમાનવિયતા
સાંખી ન શકાય તેવી ઘોર અમાનૂષતા
કોણ બચાવશે આ દેશ નેપ???
સૌથી મોટી એ જટિલતા પ.
ધર્મ ને અધર્મ થી કેમ સમજાય છે..??
અધર્મ ને અંધાપો કેમ આવી જાય છે..???
કોણ દેખાડશે અરીસો આ અંધાપા ને ??
સૌથી મોટી એ જટિલતા પ
હિન્દુ ,મુસ્લિમ ,શીખ ઈસાઈ
લોહી તો સહુ નું લાલ જ છે..
કોણ લાવે છે નફરત દિલ માં
કોણ ફેલાવે છે આતંક
આ સવાલ સહુ પુછે છે બીજા ને
કોણ પૂછશે કે હું શું કરુંછું???
એ સૌથી મોટી જટિલતા પ

---

NOG. SS. NO. 0097
વિષયઃ ધર્માંતરણની આડ અસર
પ્રકારઃ ગદ્ય
શીર્ષકઃ સ્વધર્મ

હિંદુ ધર્મ,મુસ્લિમ ધર્મ અને ખ્રિસતિ ધર્મ.ત્રણ ધર્મ પાયાના મુખ્ય અને પ્રચલિત ધર્મ કહી શકાય.બીજા સંપ્રદાયો એટલે ફાંટા છે. દરેક ધર્મ માં મત મતાંતરો ઉભા થાય અને ધર્મ ગુરુઓ પોતાનો અહંમ સંતોષવા પોતાનો જુદો ચોકો બનાવે. આપણે આપણા હિંદુ ધર્મની વાત કરીએ. સૌથી વધારે ગણ્યા ગણાય નહીં એવા અસંખ્ય ફાંટાઓ જોવા મળે.કોઈ ધારા ધોરણ નહીં. પહેલા લોકો અભણ અને અજ્ઞાન હતા. ત્યારે આટલા બધા ફાંટા નહતા. લોકો અભણ હતા. તેથી ડરપોક પણ હતા. મોટો વર્ગ અજ્ઞાનતાને કારણે ડરપોક હતો. તેથી તેમને ડરાવી ધમકાવીને ધર્માંતરણ કરાવવામાં આવતું.

ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે"ગમે તે થાય આપણે આપણો સ્વ ધર્મ છોડવો નહીં. સ્વ ધર્મ જ ઉત્તમ છે" આજે ડરના માર્યા નહીં પણ સ્વેચ્છાથી ધર્માંતરણ થાય છે. એ દુ:ખદ જછે.આપણે આપણા નિતિ નિયમોથી છટકવા માટે બીજો ધરમ અપનાવીએ છીએ. એ પલાયનવાદ છે. દરેક ધર્મમાં નિતિ નિયમો હોય જ છે.ધર્મમાંતરણથી ધોબીના કૂતરા જેવી દશા થાય છે. કારણકે વ્યક્તિના લોહીમાં સ્વધર્મ ના સંસ્કાર છે. અને ઘેલછાથી વગર વિચાર્યે બીજી બાજુ દોટ મૂકી હોય.ત્યારે એ અંધારી આલમની દોટ છે. કોઈ ચોક્કસ દિશા હોતી નથી. એ સમાજ પણ તમને જલદી સ્વીકારી શકતો નથી.બાળકોનું પણ કંઈ ભવિષ્ય હોતું નથી. એમ કહી શકાય કે ધર્માંતરણ થી પેઢી દર પઢી ઊંડી ખાયમાં ધકેલાય જાય છે.

વર્ષાબેન દેસાઈ
એડવોકેટ
વડોદરા-સિડની

---

*NOGSS NO-* 0088
વિષય- ધર્માંતરણની આડઅસરો
પ્રકાર- ગદ્ય
શીર્ષક- સામાજિકતા ને ધર્મ
નામ- ડૉ. મનીષા વ્યાસ

ધર્મ એ માનવની માનસિકતા સાથે જોડાયેલ તત્વ છે. મોટાભાગે જે કુટુંબમાં તે જન્મે છે તે ધર્મને અપનાવતાં તેના માનવીય નૈતિક મૂલ્યોનું પ્રગટીકરણ થાય છે ને તે જીવનપર્યંત અનુસરે છે. તેનો ધર્મ સાથેનો માનસિક લગાવ પ્રબળ હોઇ તે ધર્મની નીતિમત્તા, નિયમો, રૂઢીયો, આચારવિચાર, પરંપરાઓ સર્વે તે સાહજિકતાથી સ્વીકારે છે.

'પરધર્મ એટલે બે ધર્મના આચરણની ઉપરોક્ત પ્રથાઓ વચ્ચેની ભિન્નતા.'

ધર્માંતરણ એટલે માનવ દ્વારા પળાતા ધર્મના આચરણમાં વિક્ષેપ આવે, ધાક-ધમકી કે પ્રલોભનોથી અંતરાય ઊભો કારાય અથવા પરધર્મથી પ્રેરાઈ ને તે વ્યક્તિ કે તેનો સમગ્ર કુટુંબ-પરિવાર ધર્મપરિવર્તન કરે તેને કહી શકાય.

મોટાભાગે અંતરિયાળ પ્રદેશોના સમુદાયોને ધર્મગુરુઓ દ્વારા પોતાના ધર્મના અતિશયોક્તિ ભર્યા વખાણ કે ચમત્કારો બતાવી ભોળાં માણસોને લોભામણા સપનાં બતાવી લલચાવી ફોસલાવી ને વટાવ પ્રયુક્તિ દ્વારા સામૂહિક ધર્માંતરણ કરાવવામાં આવે છે.

આપણો દેશ બિનસાંપ્રદાયિકતાને વરેલો છે. સૌને પોતપોતાના સ્વધર્મને પાળવાનો બંધારણીય હક્ક છે. પરંતુ સાંપ્રત સમયમાં જ્યાં જુઓ ત્યાં ધાર્મિક વ્યાપારીકરણ ને ધર્માડંબર વધ્યો છે. બિલાડાના ટોપની જેમ નાનાનાના પેટાધર્મો અને ધર્મગુરુઓ ફૂટી નીકળ્યા છે. જેથી સામાજિક ઉન્નતીકરણની ભાવનાનું પરિણામ શૂન્ય છે. હા હજું કેટલાક સાચા સંતોને પવિત્ર માણસોથી ધર્મ ઊભો છે .

જે ધાર્મિક સંપ્રદાયમાં માણસોનું પરિમાર્જન થયું હોય તે છોડી પરધર્મને અપનાવતાં તે સામાજિક અપાનુકૂલિત થઈ પોતાનાં માનવીય મૂલ્યો ખોઇ બેસે છે અને છેવટે બંને ધર્મની અધોગતિ થાય છે.

ક્યારેક પરધર્મી યુવકો દ્વારા યુવાનીમાં ડગ માંડતી કોડીલી કન્યાઓને લલચાવી ફોસલાવી કે પ્રેમજાળમાં ફસાવીને ધર્મપરિવર્તન કરાવી લગ્ન કે સાથે રહેવા મજબૂર કરે છે. મોટાભાગના આવા કિસ્સામાં દીકરીની હત્યા કે આપઘાતના કિસ્સા વાંચીએ જ છીએ

ક્યારેક રૂપિયાની લાલચ, વિદેશમાં રોજગારી આપવાના બહાને યુવાનોને ધર્મપરિવર્તન કરાવે છે. આશાઓ ઠગારી નીવડતાં સમાજથી વિમુખ બનેલા તે નશાખોરી, ગેર-બંધારણીય પ્રવૃત્તિઓ, ચોરી, લૂંટફાટ કે હત્યા જેવી પ્રવૃત્તિઓમાં સંડોવાય છે.

મહાભારતના છેલ્લા પર્વમાં ધર્મધારણનું મહત્ત્વ વિષદતાથી સમજાવ્યું છે. પ્રજાની ધર્મ વિમુખતા જોઈને ખિન્ન થયેલા મહર્ષિ વ્યાસ સમજાવે છે કે...

न जातु कामान्न भयान्न लोभात धर्म त्यजेज्जीवितस्यापि हेतोः
नित्यो धर्मः सुखदुःखे त्वनित्ये जीवो नित्यः हेतुरस्य त्वनित्यः

તેનો ભાવાર્થ..
'કામના, ભય, લોભ કે જીવન માટે પણ કદી સ્વધર્મનો ત્યાગ કરવો નહીં કારણ કે ધર્મ નિત્ય છે અને સુખદુઃખ અનિત્ય છે. જીવ એટલે કે આત્મા નિત્ય છે અને સંસાર તેમજ તેમાંનું શરીર અનિત્ય છે.'

એટલે હંમેશાં સ્વધર્મનું આચરણ કરી પરમ ઈશની ઉપાસના કરવી..

---

NOG SS No : 001
પ્રકારઃ ગદ્ય
વિષય : ધર્માંતરણ ની આડ અસરો
શિર્ષક : સામાજિક અસમાનતા

ઉંદર જુદા જુદા સામાજિક જ્ઞાતિઓના સંગઠનો એકબીજાનું અનુકરણ અને એકબીજાથી હરીફાઈ કરતા જોવા મળે છે. રાજકીય દ્રષ્ટિએ સૌથી વધુ જેની વોટબેંક તે લોકો સર્વોપરી રાજ નેતા અને બદલાતી સરકારોમાં શિક્ષિત નેતાઓનું પ્રમાણ કોઠીયા સાહી જેવું વધુ પડતું જોવા મળે છે. જેના કારણે અમુક ચોક્કસ ધર્મના લોકો સૌથી વધુ આશિક્ષિત જ્ઞાતિઓના લોકોને પોતાના ધર્મ તરફ પ્રેરીને લાલચો આપીને ધર્માંતરણ કરાવીને તેમના આખા કુળ બદલાઈ જાય અને આખી જાતિ બદલાઈ જાય તેવું જોવા મળે છે જેની ઉપર કેવા ખાતર સરકારની રોક હોય તેવા કાયદાઓ પણ જોવા મળે છે. પરિણામે વિભિન્ન જાતિઓમાં વિભિન્ય જાતિય સંસ્કારોથી ભરેલા લોકો જ્યારે સામાજિક સંબંધોથી જોડાય છે ત્યારે વિપરીત પરિસ્થિતિના જીવનના કારણે સામાજિક જીવનમાં ઘણી બધી અસમાનતાઓ જોવા મળે છે અને જેના કારણે ક્લેશનું વાતાવરણ જોવા મળે છે અને સામાજિક ગુનાખોરીનું પ્રમાણ પણ તેના લીધે જ આજકાલ વધેલું જોવા મળે છે. આવી અસમાનતા સર્જેલા સમાજમાં ચોક્કસ પોતાની જ્ઞાતિના સંસ્કારી જીવન જીવતા લોકોને ખૂબ જ મોટા પાયે અન્યાય થાય છે જેનું ઉદાહરણ જોઈએ તો ચાર ચોપડી ભણેલા એક ચોક્કસ સમાજના નેતાને આખી સરકાર અને મતદારો સહન કરે છે પણ પીએચડી ડોક્ટર થયેલી એક ચોક્કસ જ્ઞાતિની વ્યક્તિને પ્રતિનિધિત્વ મળતું નથી આ અસમાનતા એક માત્ર રાજકીય પક્ષોની વોટ બેંકની લાલચે ધર્મન કરેલા લોકો માં સૌથી વધુ પડતી જોવા મળે છે. આ વિષય મારે આપવાનું કારણ એ જ હતો કે સામાજિક ગુનાઓ કેમ વધ્યા તેની પાછળ સૌથી મોટું જો કોઈ કારણ હોય તો આ ધર્માંતરણ છે અને ધર્મચરણ કરાવનારા એ સૌથી વધુ સામાજિક પાપીઓ જેને કહી શકાય.

સંચાલક : પ્રદીપ રાવલ

# ચૂંટણી નો ચકરાવો

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ ચાલી રહી છે અને ગુજરાતના પનોતા પુત્ર પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી હાલમાં ગુજરાતમાં છે. ગુજરાતના પ્રદેશ પ્રમુખ અને પ્રદેશની ટીમ પહેલા ૧૫૦ પ્લસ ના પ્રચારથી ચાલતી હતી જે તાજેતરની કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીની ઉમેદવારીઓ જોતા અત્યારે તેમની સીટો ઘટી ગઈ છે તેવું અનુભવી રહ્યા છે. જે રીતે હાલમાં નરેન્દ્ર ભાઈ મોદી તેમના કાર્યકરો સાથે સ્મિત કરવા માટે કમલમ આવ્યા અને તેમના ભાષણોમાં પણ આખી ભાષા બિલકુલ નરમ થઈ ગઈ આ જોતા એવું લાગે છે કે હજુ ભાજપે જાકમજોળમાંથી બહાર આવીને વાસ્તવિકતા સ્વીકારીને જમીન પર ચાલવાની જરૂર છે. આમ આદમી પાર્ટી ને બિલકુલ સાઈડ ટ્રેક કરવાની કોઈ જરૂર નથી તે પરિણામો આખા બદલી શકે તેવી પરિસ્થિતિમાં જોવા મળે છે તેના ઉમેદવારોનો આંતરિક કરંટ અને આંતરિક સર્વે ઉપરથી પણ ખબર પડે છે કે ભલે સત્તામાં ન આવે પણ આખા પરિણામો ફેરવી શકે તેવી ક્ષમતા તો હાલમાં તેઓ ધરાવે તેવું દેખાય છે. ભારતીય જનતા પાર્ટીની અંદર જે રીતે બે ચાર વર્ષથી આવેલા લોકોને પણ ટિકિટો ફાળવવામાં આવી છે અને જે ભાજપના લોકોનો જ આંતરિક જે બાહ્ય રીતે જોવા મળતો નથી પણ આંતરિક રીતે પક્ષને નુકસાન કરી શકે તેવો છે. તેમ છતાં હજુ પણ ભાજપના કેટલાક મોટા નેતાઓ મીડિયા ને ટાળી રહ્યા છે અને વાસ્તવિકતાથી ઘણા દૂર છે. ભારતીય જનતા પાર્ટીમાં પ્રદેશ કાર્યાલય અને મહત્વના વિભાગોની અંદર પણ બે ચાર વર્ષથી ભારતીય જનતા પાર્ટીમાં આવેલા લોકોનું શાસન હોય જેનાથી કર્મઠ ભાજપના લોકો ઘણા દુ:ખી છે જે અમારા જેવા મીડિયા આગળ પોતાનો રોજ ઠાલવતા હોય છે અને હજુ પણ પ્રદેશ ભાજપની અહમની રાજનીતિ ક્યાંક બહુ મોટું નુકસાન કરી જાય તેવું પણ અમોને લાગી રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીની અત્યારે સોની આજુબાજુ બેઠક આવે તો પણ નવાઈ નહીં તેવું લોક મૂકે ચર્ચેલું જાણવા મળે છે. ભાજપના જ નેતાઓ ભાજપના જ ઉમેદવારોને હરાવે તો જરા પણ અતિશયોક્તિ નહીં લાગે. ભાજપમાં ચાર ચોપડી થી ૧૨ ચોપડી વાળા ને વધુ પ્રતિનિધિ તો આપ્યું છે જે ઉપરથી ભારતીય જનતા પાર્ટીની ૨૦૧૨ થી જેમ સ્ટેમ્પ શાસન નીતિ જોવા મળે છે ગુજરાતમાં તેવું હજુ પણ ભાજપ પુનરાવર્તન કરવા માગતું હોય તેવું લાગી રહ્યું છે જેના કારણે સારા નેતાઓ શાસનમાં હજુ પણ આપણને જોવા મળે તેવું લાગતું નથી. જન ફરિયાદ ન્યુઝ પ્રદીપ રાવલ ગાંધીનગર

**મતદાન પરમો ધર્મઃ**
**'નૉટા' બટન ક્લિક કરતાં નહીં...!!**

**વૈચારિક નપુંસક થતાં નહીં.**
**લોકશાહીનાં હિંસક થતાં નહીં.**

**ઓછો ખરાબ હોય તેને તો ચૂંટજો,**
**'નોટા' બટન ક્લીક કરતાં નહીં.**

**પ વર્ષે એક જ દિન હોય છે આપણો,**
**મતદાન કરજો,વીક થતાં નહીં.**

**અત્યારે જ તક છે શાસન પતિ ચૂંટવાની,**
**પછી ફરિયાદની રીત કરતાં નહીં.**

**ભય,ભોજન,ભેટ,ભ્રમમાં વોટ ના વેંચતા;**
**જ્ઞાતિ,ધર્મ,પક્ષની જીદ કરતાં નહીં.**

**ખુલ્લેઆમ મતદાન કરજો ને કરાવજો;**
**ઘરમાં સંતાઈને જાતને ચીટ કરતાં નહીં.**

**છે મતદાન હક્ક અને ફરજ આપણી,**
**ધર્મપાલનમાં બેકફુટ કરતાં નહિ.**

# ડેઈલી માર્કેટ રિપોર્ટ

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૨૪૫ અને ચાંદીમાં રૂ.૫૯૦નો કડાકોઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિ

**કોટનનો વાયદો ગાંસડીદીઠ રૂ.૬૮૦ ગબડ્યોઃ મેન્થા તેલ પણ ઢીલુઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૮૭૮૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૮૯૦૩ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૩૪ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૨૦,૦૨૦ સોદાઓમાં કુલ રૂ.૧૭,૭૧૬.૬૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૮૭૮૦.૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૮૯૦૨.૭૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯૫,૨૩૭ સોદાઓમાં કુલ રૂ.૫,૦૦૬.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૫૦૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૫૯૦ અને નીચામાં રૂ.૫૨,૩૦૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૪૫ ઘટી રૂ.૫૨,૩૪૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૮ ઘટી રૂ.૪૨,૩૬૪ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૫ ઘટી રૂ.૫,૨૦૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૪૦૧ના ભાવે ખૂલી, રૂ.૨૩૨ ઘટી રૂ.૫૨,૨૬૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૦,૫૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૭૩૫ અને નીચામાં રૂ.૬૦,૧૬૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૫૯૦ ઘટી રૂ.૬૦,૨૮૫ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૫૭૨ ઘટી રૂ.૬૦,૫૬૨ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫૯૩ ઘટી રૂ.૬૦,૫૫૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૦૩૭ સોદાઓમાં રૂ.૧,૯૩૯.૩૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૪૫ ઘટી રૂ.૨૦૬.૭૦ અને જસત નવેમ્બર વાયદો રૂ.૫.૮૦ ઘટી રૂ.૨૬૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬.૬૦ ઘટી રૂ.૬૬૬.૫૫ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૯૫ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૪,૫૯૭ સોદાઓમાં કુલ રૂ.૧,૭૮૪.૬૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૫૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૯૯ અને નીચામાં રૂ.૬,૫૧૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૬૨ વધી રૂ.૬,૫૬૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧.૭૦ વધી રૂ.૫૧૪.૫૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૩૫ સોદાઓમાં રૂ.૪૯.૩૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૧,૬૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૧,૭૪૦ અને નીચામાં રૂ.૩૧,૫૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૮૦ ઘટી રૂ.૩૧,૫૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૯૦ ઘટી રૂ.૯૫૦.૯૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૯૯.૨૭ કરોડનાં ૪,૩૭૮.૭૦૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૭૦૭.૪૦ કરોડનાં ૪૪૩.૮૩૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૭૧૯.૫૩ કરોડનાં ૧૦,૯૭,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૦૬૫ કરોડનાં ૨૦૪૬૫૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૩૫.૯૬ કરોડનાં ૧૧૫૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૩.૪૨ કરોડનાં ૧૪૦.૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૯૬૮.૦૩૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૩૮.૬૮૩ ટન, ક્રૂડ તેલમાં ૧૪૯૪૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૦૨૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૦૪૬૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૬૫.૪૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૩.૮૦ કરોડનાં ૪૬૫ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૪,૫૬૮ના સ્તરે ખૂલી, ૧૦૦ પોઈન્ટ ઘટી ૧૪,૫૦૪ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮,૯૦૨.૭૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૬૪૪.૨૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૨૧.૨૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૩૭૨.૫૦ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૩૬૧.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૦૪.૮૦ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૮૪.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૮.૬૦ અને નીચામાં રૂ.૧૭૫.૧૦ રહી, અંતે રૂ.૧૩.૬૦ વધી રૂ.૧૯૧.૩૦ થયો હતો. જ્યારે સોનું નવેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩ ખૂલી, ઊપરમાં રૂ.૫૬ અને નીચામાં રૂ.૨૨ રહી, અંતે રૂ.૩૮.૫૦ ઘટી રૂ.૩૩.૫૦ થયો હતો. નેચરલ ગેસ નવેમ્બર રૂ.૫૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૬.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨.૮૦ અને નીચામાં રૂ.૧૫.૦૫ રહી, અંતે રૂ.૦.૧૦ વધી રૂ.૨૧.૧૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૦ અને નીચામાં રૂ.૩૩૦ રહી, અંતે રૂ.૨૦૧.૫૦ ઘટી રૂ.૩૭૨.૫૦ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૩.૫૦ અને નીચામાં રૂ.૧૮.૫૦ રહી, અંતે રૂ.૩૬.૫૦ ઘટી રૂ.૩૮ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો નેચરલ ગેસ નવેમ્બર રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૬.૭૦ અને નીચામાં રૂ.૧૧.૪૫ રહી, અંતે રૂ.૧.૫૫ ઘટી રૂ.૧૨.૧૦ થયો હતો. જ્યારે સોનું નવેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨ ખૂલી, ઊપરમાં રૂ.૯૨ અને નીચામાં રૂ.૪૯.૫૦ રહી, અંતે રૂ.૩૨.૫૦ વધી રૂ.૮૨ થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૨૯.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૦ અને નીચામાં રૂ.૩૦૨.૧૦ રહી, અંતે રૂ.૨૮.૪૦ ઘટી રૂ.૩૨૧.૫૦ થયો હતો.

સોનું-મિની નવેમ્બર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૩ અને નીચામાં રૂ.૧૨.૫૦ રહી, અંતે રૂ.૬.૫૦ ઘટી રૂ.૧૭.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૬૩ અને નીચામાં રૂ.૨૭૫ રહી, અંતે રૂ.૨૫૩.૫૦ વધી રૂ.૫૨૦.૫૦ થયો હતો.

# પંચગવ્ય ડોક્ટર્સ એસોસિએશન અને પંચગવ્ય વિદ્યાપીઠમ, કાંચીપુરમ, ચેન્નઈના સંયુક્ત ઉપક્રમે હૈદરાબાદ, તેલંગણા ખાતે ૧૦મા પંચગવ્ય ચિકિત્સા મહાસંમેલનનું આયોજન

## રાજકોટથી ડો. વલ્લભભાઈ કથીરિયા એ ખાસ માર્ગદર્શન આપ્યું.






ગાયનાં દુધ, દહીં, ઘી, ગૌમૂત્ર અને ગોબર(છાણ)નાં પાણીને સામૂહિક રુપે પંચગવ્ય કહેવામાં આવે છે. આયુર્વેદમાં પંચગવ્યને ઔષધિ તરીકે માન્ય રાખવામાં આવ્યું છે. હિંદુઓના કોઈપણ માંગલિક કાર્ય પંચગવ્ય વિના પૂર્ણ થતું નથી. પંચગવ્યનું નિર્માણ ગાયના દુધ, દહીં, ઘી, ગૌમૂત્ર અને ગોબર(છાણ)નાં પ્રમાણસરનાં સંયોજન વડે કરવામાં આવે છે. પંચગવ્ય દ્વારા શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારીને રોગોને દૂર કરી શકાય છે. ગૌમૂત્રમાં પ્રતિ ઓક્સીકરણ (એન્ટિઓક્સીડેશન)ની ક્ષમતાને કારણે વ્યક્તિના ડીએનએ (DNA)ને નાશ પામવામાંથી બચાવી શકાય છે. ગાયના ગોબર(છાણ)નું મહત્વ ચામડીનાં રોગોનાં ઉપચારમાં સર્વવિદિત છે.

ગાયનું છાણ અત્યંત પવિત્ર મનાય છે. તેથી આપણા ઘરમાં ભોંયતળિયા પર અને દિવાલો પર ગાયનાં છાણને લીપવામાં આવે છે. ગાયનું છાણ પણ અણુવિકરણ રજનો નાશ કરે છે. કોઈપણ જાતનાં ચામડીનાં વિકારોના નાશ પાટે ગાયનું છાણ ખૂબ મહત્ત્વનું માનવામાં આવે છે. ગાયનું દૂધ કેલ્શિયમ એક સારો સ્રોત છે. ગર્ભવતી મહિલાઓને દૂધ પીવાની સલાહ આપવામાં આવે છે કારણ કે તે ભ્રૂણનાં હાંડકાંના નિર્માણ અને તેમના વિકાસમાં મદદ કરે છે. ગાયનાં દૂધને મેળવવાથી ગવ્યદહીં બને છે. ગાયનું દહીં શરીરમાં વાયુનાં રોગોને મટાડે છે. ગાયના દહીંમાંથી માખણ અને માખણમાંથી ગાયનું ઘી બને છે. ગાયનું ઘી અતિપવિત્ર મનાય છે. ગાયનું ઘી મનને શાંતિ આપનાર તથા ઉકળાટને શાંત કરનાર છે.

પંચગવ્ય ડોક્ટર્સ એસોસિએશન અને પંચગવ્ય વિદ્યાપીઠમ, કાંચીપુરમ, ચેન્નઈના સંયુક્ત ઉપક્રમે કાન્હા ઉપવન ધ્યાન કેન્દ્ર, હૈદરાબાદ-ભાગ્યનગર ખાતે ૧૦મા પંચગવ્ય ચિકિત્સા મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકારની નીતિ, યોજના, ગ્રાન્ટ , તાલીમ, માર્કેટિંગ, સંશોધન, ગૌશાળાની સ્વતંત્રતા, ગાયોનું સંરક્ષણ, ઉદ્યોગસાહસિકતા જેવા વિષયો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી . આ કાર્યક્રમમાં કામધેનુ આયોગનાં પૂર્વ અધ્યક્ષ ડૉ. વલ્લભભાઈ કથીરિયા, વિદ્યાપીઠના વાઈસ ચાન્સેલર ડો.નિરંજન વર્મા, વૃંદાવનના સ્વામી સિદ્ધાર્થ આચાર્યજી, છત્તીસગઢ સરકારના જોઈન્ટ સેક્રેટરી રણજીત કુમારજી , ડો.બલદાણીયા, ડો.સિદ્ધાર્થ જયસ્વાલ, ડો.અમિતાભ ભટ્ટનાગર, જસમતભાઈ પટેલ, રીદેશ જાદીરદાદ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. , મુકેશ કુમાર જૈન અને મહાનુભાવો દ્વારા ગૌસેવાના વિવિધ મુદ્દાઓ પર આગળની વ્યૂહરચના અંગે ચર્ચા કરવામાં આવી હતી તેમજ પંચગવ્ય ડોકટરોને આ અંગેની ચર્ચામાં ભાગીદાર થવા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તેમજ વિવિધ પ્રશિક્ષકોને પ્રમાણપત્ર અર્પણ કરીને તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

# કોંગ્રેસ વાળાનો અહંકાર તો જુઓ, કહે છે મોદીને ઔકાત બતાવી દઈએ: : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



સુરેન્દ્રનગર,તા.૨૧

પ્રધાનમંત્રી મોદીના ગુજરાત પ્રવાસનો આજે ત્રીજો દિવસ છે. આજે સુરેન્દ્રનગર જિલ્લાની દસાડા, લીંબડી, ચોટીલા, ધ્રાંગધ્રા અને વઢવાણ સહિતની પાંચેય બેઠકો જીતવા માટે જંજાવાતી પ્રચાર કર્યો હતો તેઓએ દુધરેજ રોડ પર જંગી જાહેર સભા સંબોધી હતી અહીં પીએમ મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યુ કે, લોકોએ જેમને સત્તામાંથી હટાવ્યા તે પદયાત્રા કરે છે. જેમણે ગુજરાતને તરસ્યુ રાખ્યું તે લોકો ખભે હાથ મૂકીને યાત્રા કરે છે. અમે ખાલી સપના જોતા નથી, સંકલ્પ કરીએ છે.

પીએમ મોદીએ કહ્યુ કે, કોંગ્રેસ વાળાનો અહંકાર તો જુઓ. કોંગ્રેસ કહે છે મોદીને ઔકાત બતાવી દઈએ. મારી કોઈ ઔકાત નથી. તમે મને નીચ કીધો, ગંદી નાળીનો કીડો કીધો, મોતનો સોદાગર કીધો. હું તો સામાન્ય પરિવારથી છુ. મારી કોઈ ઔકાત નથી. આ વખતે કમળ સિવાય કંઈ નહીં. રોળા નાખવાવાળાને ન લાવતા. હજુ મારે ઘણુ બધુ કરવું છે. વાર તહેવારે થતા અપમાન હું ગળી જાઉં છું કારણ કે, મારે આ દેશના ૧૩૦ કરોડ લોકોનું ભલું કરવું છે, મારે આ ભારતને વિકસિત ભારત બનાવવું છે. તમારું સુરેન્દ્ર અને હું નરેન્દ્ર અને આ ભૂપેન્દ્ર આ ત્રિવેણી સંગમ છે આપણો.પીએમ મોદીએ કહ્યુ કે, ૨૪ કલાક વિજળી વાત કરી ત્યારે સવાલ થયા હતા. વિધાનસભામાં કોંગ્રેસના નેતાઓએ કહ્યુ હતુ કે શક્ય નથી. મેં કહ્યુ હતુ કે અધરા કામ કરવા માટે જ મને બેસાડ્યો છે. અઘરા કામ કરું પણ છું અને કામ કરીને બતાવું પણ છું. કેનાલો થકી સુરેન્દ્રનગરને પાણીદાર બનાવ્યું છે. નર્મદા યોજનાનો સૌથી મોટો લાભ કોઈ જિલ્લાને મળશે એવું મેં કહ્યું હતું, એ સુરેન્દ્રનગર જિલ્લાને મળશે અને આજે એ લાભ તમને પહોંચી ગયો છે. આ જનમેદની બતાવે છે કે ભાજપની જીત નક્કી છે. ભાજપની વિજયયાત્રાને કોઈ રોકી શકે નહીં.

કોંગ્રેસના રાજમાં અગરિયાઓની ચિંતા નહોતી. તેમને પહેરવા માટે બુટ પણ નહોતા મળતા. અમારા આવ્યા પછી સ્થિતિ બદલાઈ. શિક્ષણની વ્યવસ્થામાં વધારો કર્યો. હવે ગુજરાતમાં જ એડમિશન મળી જાય છે. ગુજરાતમાં ૪ હજાર જેટલી કોલેજો બનાવી. ૨૦ વર્ષ પહેલા ક્લાસરૂમ નહોતા આજે સ્માર્ટ ક્લાસરૂમ છે. ગુજરાતમાં સ્પેશિયલ યુનિવર્સિટીઓ બનાવી છે.જેમાં પીએમ મોદીએ રાહુલ ગાંધીનું નામ લીધાં વિના કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યાં. પદ માટે યાત્રા કરનારાઓને કપાસ અને મગફળી કોને કહેવાય એની પણ ખબર નથી. એક જમાનો હતો ત્યારે ગુજરાતમાં સાઈકલ નથી બનતી આજે ગુજરાતમાં વિમાન બનવાના છે. આ ચૂંટણી પાંચ વર્ષ માટે ચૂંટણી નથી. આ ચૂંટણી તમારા જીવનના આગામી સોનેરી ૨૫ વર્ષ માટે છે.

પીએમ મોદીએ કહ્યુંકે, કોંગ્રેસવાળા કહે છે મોદીને એની ઔકાદ દેખાડી દઈશું. તમે બધા રાજ પરિવારના છો, મારી કોઈ ઓકાદ નથી. તમે મને નીચ કહ્યો, મૌતનો સૌદાગર કીધો. મને ગંદીનાલીનો કીડો પણ કહ્યો. વિકાસની વાત કરવા આવો ઔકાદ બતાવવાના ખેલ રહેવા દો.પીએમ મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યુંકે, જેમને દેશની જનતાએ પદ પરથી હટાવી દીધાં છે એ લોકો આજે પદ મેળવવા માટે પદયાત્રા કરી રહ્યાં છે. આજે મારું સૌભાગ્ય છેકે, આ ઝાલાવાડની ધરતી પર હેલિકોપ્ટરથી નીચે ઉતર્યો અને જિલ્લાના તપસ્વી સંતોના મને આશિર્વાદ મળ્યાં. સંતોએ હેલિપેડ પર આવીને આશિર્વાદ અને ભવ્ય વિજયની શુભકામના આપી. હું સંતોનો આભાર માનું છુ. મને ખાત્રી છેકે, સંતોની વાણી ક્યારેય વામણી ન હોય એમના આશિર્વાદ ક્યારેય એળે ન જાય. ગયા બે દિવસથી ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ જવાનો અવસર મળેલો..

હું સીએમ હતો ત્યારે પણ સુરેન્દ્રનગરમાં હું છાશવારે આવતો હતો. જ્યાં જ્યાં મારી નજર પડે ત્યાં કેસરિયો સાગર દેખાય છે. આજ વાત બતાવે છે કે તમે ભાજપની સરકાર બનાવવાનું નક્કી કરી દીધું છે.મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, એન્ટીઈક્રમબન્સી આ શબ્દ સાંભળવા મળે. સરકારની વિરુદ્ધમાં મત પડે. પણ ગુજરાતની જનતાએ રાજકીય પંડિતોને ખોટા પાડ્યાં.

# ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં ૨૦ બેઠકો પર નેતાઓના પુત્રો કિસ્મત અજમાવશે

અમદાવાદ,તા.૨૧

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસે ઓછામાં ઓછા ૨૦ સીટો પર હાલના ધારાસભ્ય અને પૂર્વ ધારાસભ્યઓના પુત્રને એક સાથે મેદાનમાં ઉતાર્યા છે. આ ચૂંટણીમાં કોંગ્રેસે ૧૩ નેતાઓના પુત્રોને તો ભાજપે ૭ નેતાઓના પુત્રો પર કિસ્મત અજમાવી છે. આમ તો વર્ષોથી પરિવારવાદ પર મુદ્દાઓ ચર્ચાતા રહ્યા છે. અગાઉ પણ પક્ષો એક બીજા પર પરિવારમાં જ ટિકિટ આપવા અંગેના વિરોધો કરતા રહ્યા છે. જોકે આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ નેતાઓના પરિવારને ટિકિટ આપી ચૂપ થઈ ગયા છે.

દરમિયાન પક્ષોના નેતાઓ દ્વારા પણ તેમના પરિવારમાં જ ટિકિટ આપવા દબાણ કરવામાં આવે છે. પક્ષો પણ તેવા નેતાઓના વર્ચસ્વને ધ્યાને રાખી તેમની વાત માની પરિવારમાં જ ટિકિટ આપી દેતા હોય છે. રાજકીય પક્ષોમાં કેટલાક એવા નેતાઓ છે જે તેમની મનગમતી બેઠકોને પોતાનો વારસો માની લે છે. જોકે આ બેઠકો પર પણ આવા નેતાઓનું વર્ષોથી પ્રભુત્વ અને વર્ચસ્વ હોવાથી બેઠકો પર વધુ અસર જોવા મળે છે તેથી પક્ષો પણ આ નેતાઓનો વિકલ્પ શોધવામાં નિષ્ફળ જતા હોય છે. જો આ વર્ચસ્વ ધરાવતા નેતાઓના સ્થાને અન્યોને ટિકિટ અપાય તો પક્ષોને પણ નુકસાન થઈ શકે છે.

આ ચૂંટણીમાં ભાજપ દ્વારા છોટા ઉદેપુર બેઠક પરથી મોહનસિંહ રાઠવાના પુત્ર રાજેન્દ્રસિંહ રાઠવાને ટિકિટ અપાઈ છે. મોહનસિંહ રાઠવા આદિવાસી નેતા અને ૧૦ વાર કોંગ્રેસના ધારાસભ્ય રહી ચુક્યા છે અને ગત વર્ષે જ તેઓ ભાજપમાં જોડાયા હતા. તો આ બેઠક પર કોંગ્રેસે પણ સંગ્રામસિંહ રાઠવાને ટિકિટ આપી છે અને સંગ્રામસિંહ પૂર્વ રેલવે મંત્રી નારણ રાઠવાના પુત્ર છે.

અમદાવાદ જિલ્લાની સાણંદ બેઠકની વાત કરીએ તો અહીં ભાજપે હાલના ધારાસભ્ય કનુ પટેલને ફરી ટિકિટ આપી છે. કનુ પટેલ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય કરણસિંહ પટેલના પુત્ર છે. જોકે કરણસિંહ પટેલ ૨૦૧૭માં જ ભાજપમાં સામેલ થાય હતા.

ખેડા જિલ્લાની ઠાસરા બેઠક પર ભાજપે યોગેન્દ્ર પરમારને ઉમેદવાર બનાવ્યા છે. યોગેન્દ્ર કોંગ્રેસમાં રહીને બે વાર ધારાસભ્ય બનેલા રામસિંહ પરમારના પુત્ર છે. રામસિંહ પરમારે ૨૦૧૭માં પક્ષ છોડ્યો તે પહેલા ૨૦૦૭ અને ૨૦૧૨માં કોંગ્રેસની ટિકિટ પર જીત મેળવી હતી જોકે તેઓ ૨૦૧૭માં તેઓ ભાજપ સામે હારી ગયા હતા.

અમદાવાદની દાણીલીમડા બેઠક પર કોંગ્રેસે શૈલેષ પરમારને ટિકિટ આપી છે. શૈલેષ પરમાર પૂર્વ ધારાસભ્ય મનુભાઈ પરમારના પુત્ર છે. આગામી ચૂંટણી માટે કોંગ્રેસે ફરી શૈલેષ પરમાર પર વિશ્વાસ મૂક્યો છે.

તો રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના પુત્રને પણ ટિકિટ મળી છે. જોકે આ વખતે મહેન્દ્રસિંહ વાઘેલા કોંગ્રેસ માટે મેદાનમાં ઉતર્યા છે. મહેન્દ્રસિંહ વાઘેલા બે વખત ધારાસભ્ય પણ રહી ચુક્યા છે. મહેન્દ્રસિંહ ગત મહિને જ કોંગ્રેસમાં જોડાયા હતા અને કોંગ્રેસે તેમના પર વિશ્વાસ મૂકી ટીકીટ પણ આપી છે. આ વખતે મહેન્દ્રસિંહ વાઘેલાએ અરવલ્લીની બાયડ બેઠક પરથી ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. મહેન્દ્રસિંહ વાઘેલાએ કોંગ્રેસમાં રહીને ૨૦૧૨ અને ૨૦૧૭માં ચૂંટણી જીતી ધારાસભ્ય બન્યા હતા. ત્યારબાદ તેઓ ૨૦૧૯માં ભાજપમાં જતા રહ્યા અને ફરી તેઓ ગત મહિને જ કોંગ્રેસમાં આવી ગયા.

# શહેરની પેઢી સાથે વેરાવળની પેઢી દ્વારા રૂા.૫૪.૬૫ લાખની છેતરપીંડી

જામનગર તા.૨૧

જામનગર શહેરની રઝવી એન્ટર પ્રાઈઝ નામની પેટ્રોલીયમ પ્રોડકટની પેઢીમાંથી વેરાવળ ગીર સોમનાથની પેઢીને ૨૦ હજાર લીટર લાઈવ ડિઝલ ઓઈલની ૪ ગાડીઓ મંગાવીનું રૂા.૫૪.૬૫ લાખનું પેમેન્ટ ન કરતા વેપારીને ધમકી આપી હતી. જે અંગેની વેપારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વેરાવળની પેઢીના આરોપી બંધુ સામે છેતરપીંડી, વિશ્ર્વાસઘાત સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

શહેરના કિશાન ચોક ઉનની કંદોરી પાસે રહેતા ઈમરાનભાઈ અબ્દુલભાઈ રજવી (ઉ.વ.૩૭) નામના વેપારીની રઝવી એન્ટરપ્રાઈઝ નામની પેટ્રોલીયમ પ્રોડકટની પેઢી ચલાવતા હતા. પેઢી ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ટેનીવાડા ગામના ઓમ ટ્રેડર્સના પ્રોપરાઈટર પ્રફુલભાઈ સામતભાઈ રામ અને લક્?મણભાઈ સામતભાઈ રામ નામના સાથે વેપાર કરતા હતા અને ઓમ ટ્રેડર્સનામની પેઢીને ૪ માસના ગાળામાં રૂા.૩,૦૧,૩૦,૭૪૪નો વેપાર ધંકો કર્યો હતો. જેમાં લાઈટ ડીઝલ ઓઈલની ૪ ટેક્રરોના રૂા.૫૪,૬૫, ૩૮૦નું પેમેન્ટ કરવાનું બાકી હતું.

# ગુજરાતમાં ચૂંટણીના ગરમાવા વચ્ચે ઠંડીનો ચમકારો થશે, તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થશે

અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં હાલ હવામાન બદલાઈ રહ્યું છે. રાજ્યમાં ઠંડીનો ચમકારો પણ અનુભવાઈ રહ્યો છે. રાજ્યમાં અનેક શહેરોનું તાપમાનમાં ઘટાડો થયો છે. આ પરિસ્થિતિમાં હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યુ છે કે, રાજ્યમાં મોટાભાગનાં વિસ્તારમાં ૧૬ ડિગ્રી સુધી તાપમાન રહેશે. મોડી રાતે બે થી ત્રણ ડિગ્ર તાપમાનમાં ઘટાડો થશે.

ડાયરેક્ટર હવામાન વિભાગ, મનોરમા મોહન્તીના જણાવ્યા પ્રમાણે, રાજ્યમાં શિયાળાની સત્તાવાર શરૂઆત થઈ ગઈ છે. હાલ મોડી રાતે બેથી ત્રણ ડિગ્રી લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થશે. જે થોડા દિવસો બાદ ફરીથી સામાન્ય ઠંડી રહેશે. રાજ્યમાં મોટાભાગનાં વિસ્તારમાં ૧૬ ડિગ્રી સુધી તાપમાન રહેશે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલેપણ આગાહી કરી હતી કે, ચક્રવાતોની અસર દક્ષિણ ભારતમાં થશે અરબી સમુદ્રમાં પણ અસર થશે.

# ખંભાળિયામાં અમિત શાહના વિપક્ષ પર પ્રહાર આ વખતે ધારાસભ્ય બદલીને કમળ પસંદ કરો એટલે વિકાસના કામ અનેકગણી સ્પીડમાં આગળ વધે

દ્વારકા,તા.૨૧

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ભાજપ, કૉંગ્રેસ અને આપ સહિતની પાર્ટીઓએ પોતાના સ્ટાર પ્રચારકોને મેદાનમાં ઉતાર્યા છે. ત્યારે ભાજપના પ્રચાર માટે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સભા સંબોધી. આ દરમિયાન અમિત શાહે કોંગ્રેસને આડે હાથ લીધી હતી. તેમણે જણાવ્યુ કે, કોંગ્રેસવાળા બોર્ડ લગાવે છે કે કોંગ્રેસનું કામ બોલે છે, પણ તેઓ ૧૯૯૦થી સત્તામાં જ નથી તો પછી તેમણે કેવી રીતે કામ કર્યું હોઈ શકે.

ખંભાળિયામાં જંગી જનસભાને સંબોધતા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું તમે સાંસદ તો બરાબર ચૂંટ્યા છે. પરંતુ ધારાસભ્ય ખાટલે મોટી ખોટ જેવા છે.

આ વખતે ધારાસભ્ય બદલીને કમળ પસંદ કરો એટલે વિકાસના કામ અનેકગણી સ્પીડમાં આગળ વધે. સાંસદ પૂનમ માડમ કેન્દ્ર સરકારના સહયોગથી વિકાસના અનેક કામ કરે છે. ખંભાળિયામાં પીવાના પાણી, રસ્તા, લાઈટ સહિતની સુવિધાઓ સાંસદ પૂનમ માડમે રસ લઈને વિકસાવી હોવાનો અમિત શાહે દાવો કર્યો.મહત્વનું છે કે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના દિવસો જેમ નજીક આવી રહ્યા છે. તેમ વિવિધ રાજકીય પક્ષોના દિગ્ગજો ગુજરાતમાં પૂરજોશમાં પ્રચારમાં લાગ્યા છે. અમિત શાહ પણ ગુજરાતના અનેક વિસ્તારમાં પ્રચારના કામે લાગ્યા છે. તો બીજી તરફ વડાપ્રધાન મોદી પણ છેલ્લા બે દિવસથી ગુજરાતમાં સભાઓ ગજવી રહ્યા છે.

# આખીય ચૂંટણીનો વિજય ધ્વજ ગુજરાતના કોટિ કોટિ નાગરિકોએ પોતાના માથા પર ઉઠાવ્યો છેઃ વડાપ્રધાન મોદી

## નાગરિક તરીકે તમારું કર્તવ્ય છે કે વધુ મતદાન કરો. બુથમાં જૂના રેકોર્ડ તૂટે તેવુ મતદાન કરો.

નવસારી,તા.૨૧

બે દિવસથી ગુજરાતમાં ચૂંટણી પ્રચારની કમાન પીએમ મોદીએ સંભાળી છે. પીએમ મોદી ઉપરાઉપરી સભા સંબોધન કરીને ભાજપનો પ્રચાર કરી રહ્યાં છે. ત્યારે નવસારીમાં પીએમ મોદીએ સભા સંબોધી હતી.

તેમણે કહ્યું કે, છેલ્લા બે દિવસથી ગુજરાતના અલગ અલગ વિસ્તારમાં જનતાનો આર્શીવાદ લેવાનો મોકો મળ્યો.

ગુજરાતની ધરતી પર ચૂંટણી વાતાવરણ જુએ તો ખ્યાલ આવે કે જનતાના દિલમાં ભાજપ માટે કેટલો પ્રેમ છે. નવસારી મારા માટે નવુ નથી, હુ ય નવસારી માટે નવો નથી. ભલે મને પ્રધાનમંત્રી બનાવ્યો, મારા દિલમાં નવસારી એમને એમ જ હોય. આ ચૂંટણી અમે નહિ, ગુજરાતની જનતા લડી રહી છે. આખીય ચૂંટણીનો વિજય ધ્વજ ગુજરાતના કોટિ કોટિ નાગરિકોએ પોતાના માથા પર ઉઠાવ્યો છે. ગુજરાતની જનતાએ ભાજપને સરકાર બનાવવા માટેનો ચુકાદો જાહેર કર્યો છે.

પહેલીવાર વોટિંગ કરનારાઓનો જુસ્સો જ અલગ છે. પરંતુ જે લોકો વર્ષોથી વોટ આપે છે, તેવા બધાની જવાબદારી વધી જતી હોય છે.

તમે સીઆર પાટીલને વિજયી બનાવ્યા હતા, ચૂંટણી તો જીતવાની છે, કમળ તો ખીલવાનુ જ છે, પરંતુ સાથે સાથે લોકતંત્રનો જય જયકાર પણ ચાલવો જોઈએ. એક એક મતદાર મત આપવા માટે નીકળે ત્યારે જયજયકાર થાય. મન ન અપાય તો મનમાં વેદના થાય.

સંબોધનમાં પીએમએ કહ્યું કે, નાગરિક તરીકે તમારું કર્તવ્ય છે કે વધુ મતદાન કરો.

બુથમાં જૂના રેકોર્ડ તૂટે તેવુ મતદાન કરો. બધા પોલિંગ બુથ પરથી કમળ ખીલવો. તમારા વોટ પર મોદીનો વટ હોય તો હિન્દુસ્તાનના દરેક નાગરિકનો વટ પડે. તમારા વોટની તાકાતને કારણે હિન્દુસ્તાન ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે.

વોટની શક્તિ બતાવો, વધુ મતદાન કરો. એક જમાનામાં ગુજરાત માટે એવી વાતો ચાલતી ગુજરાતમાં સુવિધા નથી, કોમી હુલ્લડો ગુજરાતને પીંખી નાંખતા હતા.


આવી મુસીબતોમાં આપણે જીવતા હતા.

ત્યારે કોઈ કલ્પના કરી શક્તુ ન હતું કે ગુજરાત વિકાસમાં પણ નંબર વન બની શકે છે. ગુજરાતની ઓળખ બદલાઈ છે. તમારા એક વોટથી આ બધુ બદલાયું. તમારા વોટની તાકાતથી ગુજરાત નંબર ૧ છે.

# જૈન મંદિરમાં આચાર્ય લોકેશજી અને આચાર્ય વિહર્ષ સાગરજીનું સંયુક્ત પ્રવચન

**સમાજમાં એકતા, સમન્વય અને સંપ જરૂરી છે - આચાર્ય લોકેશજી**

**સમેદ શિખરની સુરક્ષા અને પવિત્રતા માટે એકતા જરૂરી છે - વિહર્ષ સાગરજી**


જૈન સમાજના ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને રાજકીય અસ્તિત્વને સ્વાભિમાન સાથે જાળવવા અને યુવાનોને જૈન ધર્મની ભવ્ય સંસ્કૃતિનો પરિચય કરાવવા માટે દિલ્હીની જૈન મંદિર સમિતિઓની એક મહત્વપૂર્ણ બેઠક યમુના પાર દિગમ્બર જૈન સમાજ દિલ્હીમાં યોજવામાં આવી હતી. અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક આચાર્ય ડો.લોકેશજીએ જૈન સમાજને સંબોધતા જણાવ્યું હતું કે, જૈન સમાજ અહિંસક અને શાંતિપ્રેમી સમાજ છે, લોક કલ્યાણના કાર્યોમાં હંમેશા અગ્રેસર રહે છે, જૈન સમાજ આવક ઉભી કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. પરંતુ એકતાના અભાવે જૈન સમાજનું જે મૂલ્યાંકન રાષ્ટ્રીય ક્ષિતિજ પર થવું જોઈએ તે શક્ય નથી, તેથી સમાજમાં એકતા, સમન્વય, સમરસતા વધે તે ખૂબ જ જરૂરી છે. આ પ્રસંગે આચાર્ય લોકેશજીએ સમત શિખર તીર્થની પવિત્રતા, સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોને એક થવા આહ્વાન કર્યું હતું. દિગમ્બર આચાર્ય વિહર્ષ સાગરજીએ જણાવ્યું હતું કે જૈન ધર્મના ઉપદેશોને અપનાવવાથી સમાજમાં શાંતિ અને સૌહાર્દ શક્ય છે, પરંતુ હાલમાં જૈન ધર્મના મૂળને ભૂલીને આપણે પરસ્પર ઝઘડાઓમાં વ્યસ્ત છીએ જેના કારણે આપણું ધાર્મિક, સામાજિક અને રાજકીય અધઃપતન થઈ રહ્યું છે.

સ્થળ તેમણે કહ્યું કે આપણો આધ્યાત્મિક અને સામાજિક વિકાસ પરસ્પર મિત્રાતા, એકતા અને સંવાદિતા દ્વારા જ શક્ય છે. આચાર્ય વિહર્ષ સાગરજીએ જણાવ્યું હતું કે, ૧૮મી ડિસેમ્બરે જૈન ધર્મની વિવિધ વિચારધારાના સંતો લાલ કિલ્લા પરથી જૈન યાત્રાધામોની પવિત્રતા, સંરક્ષણ અને સંવર્ધન માટે એકત્ર થશે. વિશ્વ જૈન સંગઠનના પ્રમુખ સંજય જૈનજી એ જણાવ્યું હતું કે ૧૧મી ડિસેમ્બરે રામ લીલા મેદાન ખાતે યાત્રાધામોની સુરક્ષા અને પવિત્રતા સુનિશ્ચિત કરવા તમામ પરંપરાના સંતો એક મંચ પરથી સંબોધન કરશે. આ પ્રસંગે જૈન સમાજના વરિષ્ઠ આગેવાનો અને પંજાબ કેસરીના કાર્યકારી પ્રમુખ સ્વદેશ ભૂષણ જૈનજી ; ચક્રેશ જૈનજી , દિલ્હી જૈન સમાજના પ્રમુખ મનોજ જૈનજી , સહયોગ દિલ્હીના પ્રમુખ સારિકા જૈનજી , ભાજપ પ્રવક્તા સંજય જૈનજી , વિશ્વ જૈન સંગઠનના પ્રમુખ પ્રમોદ જૈનજી , પ્રદ્યુમન જૈન સહિત ટ્રસ્ટીઓ, દિલ્હી એનસીઆરના વિવિધ મંદિરોના પદાધિકારીઓએ પણ બેઠક દરમિયાન સંબોધન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન યમુના પાર દિગમ્બર જૈન સમાજના પ્રવક્તા વિજેન્દર જૈનજી એ કર્યું હતું. આ પ્રસંગે દિલ્હી એનસીઆરના જૈન મંદિરોના પ્રમુખો, મંત્રીઓ, પ્રમુખો અને મીડિયાના મહાનુભાવો જેમ કે સંધ્યા મહાલક્ષ્મી, સિંઘ કી આવાઝ, જૈન ચેનલ વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.